

શ્રીસ્વામિનારાયણ મંદિર
કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત મેગેઝિન

# સત્સંગ સેવક

જાન્યુઆરી-૨૦૨૫



શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરાથી પ્રકાશિત

# સત્સંગ સેવક

જાન્યુઆરી, ૨૦૨૫









: આશીર્વાદ :
પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય
શ્રીરાકેશપ્રસાદજી મહારાજ-વડતાલધામ

: પ્રેરક :
પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી
સ્વામી-કુંડળધામ

# સત્સંગ સેવક


પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા તથા કુંડળધામ
વડોદરા-૧૮, મો.નં. ૯૬૦૧૨ ૯૦૦૦૫/૬

પ્રકાશન તિથિ : સં.૨૦૮૧ પોષ સુદ-૬, તા.૦૫/૦૧/૨૦૨૫ રવિવાર

www.swaminarayanbhagwan.org
satsangsevak@kundaldham.org

9601290051 swaminarayan
swaminarayanbhagwan


## અનુક્રમણિકા


3 સ્વીકાર
- પ.પૂ.શ્રીગુરુજી

4 મહામંત્રના રટણમાં સંતકૃપા ભળે તો અશક્યનું શક્ય થાય !!
- પ.પૂ.શ્રીગુરુજી

6 આપણા ઇષ્ટદેવનો અભિગમ
- સાધુ ઈશ્વરચરણદાસ

8 ખપ
- સાધુ કૃષ્ણપ્રિયદાસ

9 આપણે પોતાને ઓળખીએ છીએ ?
- સાધુ અનાદિસ્વરૂપદાસ

10 હેતના ટેભા
- સાધુ સાકારસ્વરૂપદાસ

12 કરુણાસાગરની અસીમ કરુણા
- સાધુ પ્રસન્નવદનદાસ

14 જલેબીનો જલેબો
- સાધુ આત્મીયસ્વરૂપદાસ

19 સત્સંગ સમાચાર


## સત્સંગ સુધા

### ચિંતા કે સ્મરણ..?

ચિંતામાં સંસાર છે અને સ્મરણમાં શ્રીહરિજી છે.
ચિંતામાં વાસના છે, જ્યારે સ્મરણમાં વહાલોજી અખંડ વિરાજે છે.
ચિંતામાં નર્યો રાગ છે, જ્યારે સ્મરણમાં રાજાધિરાજ મહારાજ છે.
ચિંતામાં કેવળ ઉદ્વેગ છે અને સ્મરણમાં કલ્યાણ કરે એવો ઉદ્યમ છે.
ચિંતામાં બહુ દુઃખ રહ્યું છે, જ્યારે ભગવાનના સ્મરણમાં ઉન્નતિ, ઉન્નતિ અને ઉન્નતિ જ છે.
**માટે મહારાજ કહે છે..... ઉદ્યમ કરો, ઉપાધિ નહીં.**

# કાવ્યકૃપા



## સ્વીકાર

સામાની ભૂલ હોય તોય, કાંઇ બોલ્યા વિના જ;
તેને સહન કરવી તે, જ્ઞાન છે મહાનતા જ...૦૧

પોતાની ભૂલ હોય તો, માફી માંગી લેનાર;
જ્ઞાન અતિશે મહાન છે, તેમ જ માફી દેનાર...૦૨

મનુષ્યમાત્ર ભૂલને પાત્ર, હરિથી ભૂલ ન થાય;
જ્ઞાન ભૂલ સહિત સહુને, સ્વીકારી જ લેવાય...૦૩

એકબીજામાં રહેલી, અપૂર્ણતાને જ્ઞાન;
એકબીજાના પુરક બની, સ્વીકારે તે જ મહાન...૦૪

રચયિતા : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

સં.૨૦૮૦, જેઠ વદ-૯ તા.૩૦/૦૬/૨૦૨૪, કુંડળધામ

કથામૃતમ્

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ તા.૩૦/૦૭/૨૦૨૩ ને સોમવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં કરેલ મનનીય પ્રવચન

# મહામંત્રના રટણમાં સંતકૃપા ભળે તો અશક્યનું શક્ય થાય !!

- પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી-કુંડળધામ

વહાલા ભક્તો ! અહોનિશ - અહર એટલે દિવસ, નિશા એટલે રાત. રાત્રિ-દિવસ નામરટણ કરવાની ટેવ પાડવી. અર્થાત્ સ્વામિનારાયણ... સ્વામિનારાયણ ! હે હરિ ! હે વહાલા ! હે નાથ ! હે દયાળુ !... એમ અખંડ સ્મરણની ટેવ પાડવી; તેમાં પણ જો ‘સ્વામિનારાયણ’ મહામંત્ર ભેળી કોઈ મોટા પુરુષની કૃપા ભળી જાય તો ગમે એવું અઘરું કે અશક્ય કામ હોય એ પણ થઈ જાય. એના ઉપર એક અદ્‌ભુત વાત છે.

કાલસારી ગામમાં એક કાળાબાપા નામે બહુ સારા ભક્તરાજ હતા. તેઓ પંચાળાના મકનજી ઠક્કરના વંશજ હતા અને કાલસારીમાં રહેવા ગયા હતા. એમને નાની ઉંમરે ગુણાતીતાનંદ સ્વામીના આશીર્વાદ પ્રાપ્ત થયા હતા. વળી, સદ્‌ગુરુ બાલમુકુંદ સ્વામીના તેઓ અનન્ય શિષ્ય હતા.

કાળાબાપાને કાનજીભાઈ નામનો એક દીકરો થયો. એ પણ મોટા સંતોના કૃપાપાત્ર એકાંતિક ભક્તરાજ હતા. આ કાનજીબાપાને ત્યાં વિ.સં.૧૯૭૬માં પ્રભુદાસ નામે એક દીકરાનો જન્મ થયો. આ પ્રભુદાસની સાત-આઠ વર્ષની ઉંમર થઈ ત્યારે તેમને ન્યુમોનિયા નામનો રોગ થઈ ગયો અને બેભાન થઈ ગયા. બધા જ પ્રયત્નો કર્યા પણ ભાનમાં આવે જ નહીં. ભક્તરાજ કાળાબાપા અને કાનજીભાઈ ખૂબ ચિંતામાં પડી ગયા. તે વખતે કાનજીભાઈના સાળા અર્થાત્ પ્રભુદાસના મામા જૈન ધર્મમાં મહારાજ સાહેબ હતા અને ખૂબ જ પ્રતાપી હતા. એમને આ વાતની ખબર પડી, એટલે એમણે કાળાબાપાને કહેવડાવ્યું કે, ‘તમે કહો તો હું પ્રભુદાસને સાજો કરી દઉં.’

કાળાબાપા અને એમના દીકરા કાનજીભાઈએ વિચાર કર્યો કે, ‘આપણે સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત છીએ. આપણાથી બીજા કોઈની પાસે સારું કેમ કરાવાય ?’ આ બંને સ્વામિનારાયણ ભગવાનના નિષ્ઠાવાન, પતિવ્રતાની ટેકવાળા દૃઢ આશ્રિત હતા. એમણે નિર્ણય કરીને વિવેકપૂર્વક કહેવડાવ્યું, ‘તમારી ભાવના સારી છે, પરંતુ અમે તો ભગવાન સ્વામિનારાયણની ઇચ્છા ઉપર બધું છોડ્યું છે. અમે સ્વામિનારાયણ ભગવાનને માત્ર કર્તા જ નહિ, હિતકર્તા પણ માનીએ છીએ. એમની ઇચ્છા હશે તો પ્રભુદાસને સારું થશે અને ઇચ્છા નહિ હોય તો ધામમાં તેડી જશે.’

આ બાજુ દિવસે અને દિવસે પ્રભુદાસની તબિયત બગડતી ગઈ. તેઓ વીસ-પચીસ દિવસથી કોમામાં હતા. ગુણાતીતાનંદ સ્વામીના શિષ્ય બાલમુકુંદદાસજી સ્વામી અને એમના શિષ્ય નારાયણદાસજી સ્વામી જૂનાગઢના બહુ મહાન સાધુ હતા. એ કુટુંબે આ સંતને બહુ રાજી કરેલા. કાળાબાપાના મનમાં એમ થયું કે, ‘હવે તો સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામીના આશીર્વાદ મળે તો જ પ્રભુદાસ બેઠા થાય. આપણે હવે સ્વામીના શરણે જઈએ.’

પછી કાળાબાપા અને વેળાવદરના ઘીવાળા જાદવજી શેઠે સ્વામીને વિનંતી કરી અને કાલસારી તેડાવ્યા. સદ્‌ગુરુ નારાયણદાસજી સ્વામી પ્રભુદાસને

દર્શન દેવા પધાર્યા. સ્વામીએ પ્રભુદાસના માથા ઉપર હાથ મૂકીને કહ્યું, "કાળાબાપા ચિંતા કરશો નહિ. મહારાજ પ્રભુદાસને સારું કરશે."

બીજે દિવસે સવારમાં પૂજા-પાઠ કરી પ્રસાદીનું પાણી સાથે લઈ સ્વામી કાળાબાપાને ઘરે પ્રભુદાસ પાસે પધાર્યા. સ્વામિનારાયણ મહામંત્રનું રટણ કરતાં કરતાં પાણીની અંજલિ છાંટતાં સ્વામી બોલ્યા, 'અલ્યા પ્રભુ ! બેઠો થા.' પરંતુ પ્રભુદાસ ઉપર સ્વામીના વચનની કોઈ અસર થઈ નહીં.

બીજે દિવસે પણ સ્વામી ઠાકોરજીની પ્રસાદીનું જળ લઈ પ્રભુદાસ પાસે આવ્યા અને સ્વામિનારાયણ... સ્વામિનારાયણ રટણ કરતાં જળ છાંટ્યું અને કહ્યું, 'પ્રભુદાસ બેઠો થા બાપ ! બેઠો થા.' પણ, પ્રભુદાસની સ્થિતિમાં કોઈ પરિવર્તન થયું નહીં.

ત્રીજા દિવસે સ્વામીએ મંદિરમાં સિંહાસન સામે ભગવાનની આંખમાં આંખ પરોવી એક પગે ઊભા રહી માળા ફેરવવા માંડી. માળા ફેરવતાં ફેરવતાં અત્યંત ગદ્‌ગદ કંઠે મહારાજને પ્રાર્થના કરવા માંડી કે, 'હે મહારાજ ! તમારે ભરોસે પ્રભુદાસને સાજા કરવાનું કાર્ય કરી રહ્યો છું. હવે મારી લાજ તમારા હાથમાં છે. હે મહારાજ ! તમને જો યોગ્ય લાગે તો મારી આવરદા પ્રભુદાસને આપી દો, પણ પ્રભુદાસને બેઠો કરો.' આ પોકાર સાંભળીને મહારાજ હલબલી ગયા.

પછી તો પ્રસાદીનું જળ લઈ સ્વામી ત્રીજી વાર પ્રભુદાસ પાસે આવ્યા. પ્રભુદાસના શરીર ઉપર જળ છાંટ્યું. પ્રભુદાસના કાનમાં 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' મંત્ર બોલીને કહ્યું, 'પ્રભુદાસ હવે બેઠો થા.' એ જ વખતે સૌના આશ્ચર્ય વચ્ચે પ્રભુદાસ આળસ મરડીને બેઠા થયા ! બેઠા થઈને સ્વામીને વંદન કરી 'જય સ્વામિનારાયણ' કહ્યા.

પછી એણે કહ્યું, 'બાપા મને ભૂખ લાગી છે. મારે પૂરણપોળી ખાવી છે.' પ્રભુદાસને આમ સાજો થઈ પૂરણપોળી ખાવા માંગતો જોઈ સર્વના અંતરમાં આનંદ આનંદ થઈ ગયો. સ્વામીની પ્રાર્થના મહારાજે સાંભળી અને પ્રભુદાસને મોતના મુખમાંથી ઉગાર્યા.

આ વાત ઉપરથી ફલિત થાય છે કે, આ કુટુંબે આ સાધુને કેવા રાજી કરેલા હશે ! કેવા વશ કરેલા હશે ! એમના એક સાત-આઠ વર્ષના છોકરાને માટે આવા મોટા સાધુ આયુષ્ય આપવા તૈયાર થઈ જાય ! આવું કોઈથી થાય નહિ. સંત જેવા તેવા રાજી હોય તો આટલું બધું કાંઈ કરે નહીં. સ્વામીને બહુ જ રાજી કર્યા હશે, એવું સ્વામીની પ્રાર્થના અને છેલ્લા પોકાર પરથી જણાય છે. આ સાધુને એ પ્રભુદાસને જીવાડ્યાનો શું સ્વાર્થ ? શા માટે આટલી મહેનત કરે છે ?... એ તો કેવળ કરુણા છે.

**આ તો દયા મોટા સંતની રે,**
**ભેળી કૃપા થઈ ભગવંતની રે;**
**એથી પ્રભુદાસ સાજો થયો રે,**
**એનો રોગ સર્વે જતો રહ્યો રે.**
**વળી સ્વામિનારાયણ નામ રે,**
**તેથી થયાં છે જીવનાં કામ રે;**
**માટે જપો સહુ હરિનું નામ રે,**
**રાજી થઈને આઠો જામ રે.**

અહીં આપણે ત્રણ વાત સમજવાની છે : **(૧) મોટા સંતની પ્રાર્થના, (૨) સ્વામિનારાયણ ભગવાનની કૃપા અને (૩) સ્વામિનારાયણ મહામંત્રની તાકાત; આ ત્રણેય બાબત આપણે મેળવવી જરૂરી છે. સ્વામિનારાયણ...સ્વામિનારાયણ સ્મરણ કરતા હોઈએ, કોઈ મોટા સંતનો આપણા ઉપર રાજીપો હોય અને ભગવાન સ્વામિનારાયણની જો કૃપા હોય તો અશક્યનું શક્ય થાય છે.**

**વહાલા ભક્તો ! આપણે બધી રીતે સુરક્ષિત અને સુખી જીવન જીવીએ છીએ. કેમ જે, આ સાધુઓ ભગવાનને આપણી પ્રાર્થના કરે છે, એમને આપણામાં હેત છે; પરંતુ આ હેતને તોડી ન નાંખવું. આપણે જો સદ્‌ગુરુ કે સંતની સાથે દગો કરીએ, એમને છેતરીએ તો હેત અને રાજીપો રહે નહીં. એમની સાથે કપટ કરીએ તો એમનું કાળજું કપાઈ જાય, દિલ તૂટી જાય; પછી સારું ન થાય. માટે સાવધાન રહેવું.●●●**



# ધન-સંપત્તિ પ્રત્યે આપણા ઈષ્ટદેવનો અભિગમ

લેખક : સાધુ ઈશ્વરચરણદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

સંવત ૧૮૭૨, સન્.૧૮૧૬માં સ્વામિનારાયણ ભગવાન ધર્મપુર રાજ્યમાં પધાર્યા હતા. ત્યાંનાં રાજમાતા કુશળકુંવરબા બહુ મહાન ભક્ત હતાં. તેમણે શ્રીહરિ તથા સંતો-ભક્તોનો રાજીપો લેવા બહુ જ સેવા કરી. વસંતપંચમીનો રંગોત્સવ પૂરો થયો, પછી કુશળકુંવરબાએ હજારો રૂપિયા શ્રીહરિના ચરણોમાં અર્પણ કરીને વિનંતી કરી, 'હે પ્રભુ ! આ સર્વે ધન આપના આ સત્સંગીઓને વહેંચી દો.' મહારાજ કહે, 'અમારા ભક્તોને અમારે ધન દેવું નથી. જો તમે અમને અર્પણ કરી દીધું હોય તો અમને ગમે તેને આપીશું.'

કુશળકુંવરબા તરત જ બોલ્યાં, 'મેં તો તમને અર્પણ કર્યું, હવે તમારી નજરમાં આવે એને આપી દો.' પછી પ્રભુએ રાજ્યના નોકર-ચાકરને બોલાવ્યા. તેમની સામે કરુણાદૃષ્ટિથી જોયું. પછી કોઈને ખોબો, ધોબો કે કોઈને મૂઠી ભરી-ભરીને તે ધન આપવા લાગ્યા. તે વખતે આ વાત સાંભળીને એક ટેલિયા ભૂદેવ દોડાદોડ આવ્યા. તેમણે પુત્રને જનોઈ આપવા તથા પુત્રીને પરણાવવા માટે આર્થિક સહાયની અપેક્ષા જણાવી. પછી તેની ઇચ્છા મુજબ મહારાજે એક હજાર રૂપિયા તેને પ્રેમથી આપી દીધા. આ સમયે કુશળકુંવરબાઈએ પૂછ્યું, 'તમે અમારા માણસોને આટલા બધા રૂપિયા આપ્યા અને તમારા ભક્તોને તો એક કોડી પણ ન આપી તેનું શું કારણ ?'

પરમ કૃપાળુ પ્રભુએ પ્રત્યુત્તરમાં જણાવ્યું : **'આ લોકનું આ બધું સુખ તો માયિક, તુચ્છ અને નાશવંત છે; એવું ધૂળ જેવું સુખ અમે અમારા વહાલા ભક્તોને શું કામ આપીએ ?** જેમ કોઈ અજ્ઞાની બાળકને રાજી કરવું હોય તો ગાજર જેવી ખાવાની વસ્તુ આપીએ. કાષ્ઠ, માટી કે ખોટી ધાતુનાં રમકડાં આપીએ તોય રાજી થઈ જાય, પણ કોઈ જ્ઞાની પીઢ વ્યક્તિને રાજી કરવા એવાં રમકડાં આપીએ તો શું તે રાજી થાય ? તેમ અમારા વહાલા સાચા સંતો-ભક્તો સમજણે કરીને પીઢ થયેલા છે. તેમને તો અમારે અક્ષરધામમાં અમારું અલૌકિક, અવિનાશી અને અપરંપાર જે સુખ છે તે આપવું છે. કારણ કે, અમારા સંતો-ભક્તો તેવા સુખથી રાજી થાય એવા સમજુ છે.'

વહાલા ભક્તો ! આમાં આપણું કેમ છે ? તે વખતના સંતો-ભક્તો તો એવા સમજુ અને શાણા હતા. આપણે નાના બાળક જેવા અજ્ઞાની તો નથી ને !! આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણનો અભિગમ ધન-સંપત્તિ પ્રત્યે કેવો હતો ? તે આપણે સહુએ આજે ખાસ શીખવા જેવો છે.

એકવાર કુશળકુંવર રાજમાતા મહારાજને રાજ્યનો ખજાનો પાવન કરવા લઈ ગયાં. તેમાં ધન, સોનું-ઝવેરાત, હીરા-માણેક વગેરે જથ્થાબંધ હતું, તે દેખાડ્યું. પછી લાખો-કરોડોની એ સંપત્તિ શ્રીહરિને સમર્પિત કરવાની પ્રાર્થના કરી. તેના વડે મોટા ઉત્સવ-સમૈયા, યજ્ઞ અને વિપ્રચોરાશી જેવું સત્કાર્ય કરવાની લાલચ દેખાડી; પરંતુ

આટલી બધી બેસુમાર સંપત્તિ સામેથી મળી રહી હતી તે વિષે આપણા ઇષ્ટદેવ શ્રીહરિએ રાણીબાને કહ્યું, **'આ સત્તા-સંપત્તિ તો માણસના મળ સમાન છે. તેનો આવડો મોટો ટોપલો તમે માથે ઉપાડ્યો છે, તેને બીજાને માથે નાખવા ચાહો છો; પણ મૂર્ખ સિવાય બીજો એ નરકને કોણ ઉપાડશે ? જે સત્પુરુષ હોય તે તો કદી ગ્રહણ નહિ જ કરે. કદાચ કોઈ અસત્પુરુષ ગ્રહણ કરે ખરા ! આ તમારી સર્વે ધન-સંપત્તિ મોટા શેહેરના શેઠિયાના સંડાસ-પાયખાના સમાન છે. અમારે એની કોઈ જ જરૂર નથી.'** આવું-આવું કહીને તીખા શબ્દોમાં ઘણો જ તિરસ્કાર કર્યો. આમ પોતાના અંતરમાં ધન-સંપત્તિ અને સત્તા પ્રત્યે જે અણગમો પડ્યો હતો તે અભાવ આપણ સહુને જણાવ્યો.

વહાલા ભક્તો ! આપણા ઇષ્ટદેવ ભગવાન શ્રીસ્વામિનારાયણના વિચારો-સંસ્કારો ને સિદ્ધાંતો આવા હતા. તેઓ માયા અને માયાની સુખ-સગવડતાને ધૂળ જેવી તુચ્છ તથા મોક્ષ બગાડનારી માનતા. બિનજરૂરી ધન, જમીન, સત્તા ને સંપત્તિનો યોગ મુમુક્ષુ ભક્તો માટે દારૂ, ભાંગ અને ડ્રગ્સના ડોઝની જેમ ભાન ભૂલાડનાર ગણતા. તેમના પગલે ચાલતા મોટા પરમહંસ સંતો પણ ધન, સંપત્તિ અને સત્તાને મહાદુઃખદાયી માનતા. બિનજરૂરી સુખ-સગવડતા મળે ત્યારે તેનો ખેદ અનુભવતા. આપણું કેમ છે ? આપણું માનવું આપણા ઇષ્ટદેવ અને આપણા વડવા જેવું છે કે જગતના જીવ જેવું ? જો આ જ જન્મે અખંડ સત્સંગ-ભજન પરાયણ રહી પ્રભુને પામવું જ હોય તો આપણે પણ તેમના રાહે જ ચાલવું જરૂરી છે.

**એની રીત્યે રીત આપણી રે, બીજી રીત્યે બાધ;**
**પરહરો પરી પાપણી રે, વળગીએ વરાધ.**
**ફોગટ પડતા બીજા ફંદમાં રે, આવે દુઃખ અત્યંત;**
**નિષ્કુળાનંદ આનંદમાં રે, સદા રહોને સંત.**

આનું પ્રત્યક્ષ પ્રમાણ આપણી નજર સામે જ છે કે, આપણી પાસે જેમ જેમ ભૌતિક સુખ-સગવડતા અને ધન-સંપત્તિ વધી રહ્યાં છે તેમ - તેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ ઘટી રહ્યાં છે. આપણા વડવાઓ પાસે આજ જેવો ભૌતિક વિકાસ ન હતો, પણ આપણા કરતાં ભજન વધુ કરતા. તેમની સમજણ, સાધુતા અને સ્થિતિ આપણા કરતાં અનેકગણી શ્રેષ્ઠ હતી. એટલે જ તેઓ ભગવાનને અતિશય વહાલા લાગતા હતા.

ભગવદ્‌ગીતાજીમાં ભગવાનને કેવો ભક્ત અતિ વહાલો લાગે છે ? તેનો ઉલ્લેખ આ રીતે કરવામાં આવ્યો છે –

**यो न हृष्यति न द्वेष्टि न शोचति न कांक्षति ।**
**शुभाशुभपरित्यागी भक्तिमान् यः स मे प्रियः ॥**

પ્રભુને પ્રાણપ્યારા એવા ગોપાળાનંદ સ્વામીએ આનો અર્થ આવો કર્યો છે. જે ભક્ત ધન, સ્ત્રી અને પુત્રાદિક પ્રિય વસ્તુ પ્રાપ્ત થાય તો હરખાઈ જાતો નથી. વળી એવું મનમાન્યું ન મળે કે જેવું-તેવું મળે તો ખીજાઈ જાતો નથી. જે ભક્ત મનમાન્યાં ધન-સ્ત્રી, ખાન-પાન કે ગાડી-બંગલાની અપેક્ષા રાખતો નથી અને સામેથી મળેલું હોય તેપણ કદાચ ટળી જાય તો શોક કરતો નથી. જેનાથી ભૌતિક સુખ, સગવડતા અને સન્માન મળે એવાં દાન-પુણ્યરૂપી શુભકર્મોથી તથા અશુભ કર્મરૂપી ખોટા માર્ગથી જે ભક્ત સો ગાઉ દૂર રહેવા ટેવાયેલ છે. અને મારાં ભજન-સ્મરણ, ધૂન-કીર્તન અને સત્સંગનું જ જેને તાન રહે છે એવો ભક્તિમાન્ ભક્ત હોય તે મને-ભગવાનને બહુ જ વહાલો લાગે છે.

જો આપણી સમજણ તથા રુચિ આવી જ હોય તો આપણે પણ પ્રભુને વહાલા લાગતા હોઈશું. જો જગતના જીવ જેવી જ આપણી પણ માન્યતા હોય તો આપણામાં અને જગતના જીવમાં શું ફેર ? હે પ્રભુ ! હું જલ્દીમાં જલ્દી આવો આપનો પ્યારો બની શકું એવી કૃપા કરજો. ●●●



# ખપ

લેખક : સાધુ કૃષ્ણપ્રિયદાસ
ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક મહાત્મા વગડામાં ઝૂંપડી બાંધીને રહેતા હતા. ગામમાંથી ભાવનાવાળો એક ભક્ત રોજ એક શેર ચોખા આપી જતો. મહાત્મા તે માટલીમાં રાંધીને જમી લે, પછી ધ્યાન-ભજન કરે. મહાત્મા બહુ જ સારા હતા. તેથી ધીમેધીમે તેમનો મહિમા વધ્યો.

એક મુમુક્ષુ આ મહાત્માના સમાગમ માટે આવ્યો. તેણે કહ્યું, 'મારે તમારી સાથે રહી તમારા સત્સંગનો લાભ લેવો છે.' મહાત્મા સાચા મુમુક્ષુ જોઈને રાજી થતા, પણ તે મુમુક્ષુની પરીક્ષા કરવા મહાત્માએ તેને કહ્યું, 'જુઓ, અહીં બધું સારું છે, પણ પેટ ભરવાની તકલીફ છે. એક ભક્ત રોજ એક શેર ચોખા આપી જાય છે. તે હું રાંધી ખાઉં છું. હવે તમારે અહીં રહેવું હોય, તો ખાવાનું કેમ કરશો ?' તે ખરેખરો મુમુક્ષુ હતો. તેણે કહ્યું, 'ગુરુદેવ, આપ રાંધતા પહેલાં ચોખાને ધોતા હશો, તે ધોવરામણ પીને હું રહીશ; પણ મને તમારી સાથે રહેવા દો.' મહાત્મા તેનો ખપ જોઈ રાજી થયા અને સાથે રહેવાની હા પાડી.

થોડો સમય જતાં બીજો મુમુક્ષુ આવ્યો. મહાત્માએ તેને કહ્યું, 'એક શેર ચોખા મારા માટે એક ભક્ત લાવે છે તે હું ખાઉં છું. અને આ મુમુક્ષુ છે તે ચોખાનું ધોવરામણ પીને રહે છે. હવે બીજી સગવડતા નથી.' નવા આવેલા મુમુક્ષુએ કહ્યું, 'ગુરુદેવ, ચોખા સાફ કરતા થોડા દાણા નીચે પડશે તે ખાઈને હું અહીં રહીશ.' મહાત્માએ કહ્યું ,'જો એમ હોય તો ખુશીથી રહો.'

વળી, એક ત્રીજો મુમુક્ષુ આવ્યો. મહાત્માએ કહ્યું, 'અહીં ભોજનની મુશ્કેલી છે.' તે મુમુક્ષુએ પૂછ્યું, 'ગુરુદેવ, આ બે ભક્તો કેમ પેટ ભરે છે ?' ગુરુએ કહ્યું, 'એક ચોખાનું ધોવરામણ પીને રહે છે અને બીજો ચોખા સાફ કરતા થોડા દાણા નીચે પડે છે તે ખાઈને રહે છે.' આ ત્રીજા મુમુક્ષુએ કહ્યું, 'ગુરુદેવ, હું આપનું ચળું કરેલ પ્રસાદીનું પાણી પીને રહીશ.' મહાત્માએ કહ્યું, 'વાંધો નહિ ખુશીથી રહો.'

મહાત્માનો મહિમા સાંભળી ચોથો મુમુક્ષુ આવ્યો. તેણે કહ્યું, 'મારે આપનો સમાગમ કરવો છે.' મહાત્માએ કહ્યું,'અહીં ભોજનની વ્યવસ્થા નથી. આ ત્રણ છે તે ધોવરામણ પીને, નીચે પડી ગયેલા ચોખાના દાણા ખાઈને અને ચળુંનું પાણી પીને રહે છે.' આ મુમુક્ષુએ કહ્યું, 'આપ જમ્યા પછી માટલી ધોતા હશો તે માટલીનું ધોવરામણ પીને રહીશ.' મહાત્માએ તેની મુમુક્ષુતા જોઈ કહ્યું, 'ભલે.'

પછી એક મુમુક્ષુ મહાત્માનો સમાગમ કરવા આવ્યો. મહાત્માએ કહ્યું, 'અહીં ખાવા-પીવાની કોઈ વ્યવસ્થા નથી. મારા માટે શેર ચોખા આવે છે. તેનું ધોવરામણ, નીચે પડી ગયેલા ચોખાના દાણા, મારું ચળું પીને અને હાંડલીનું ધોવરામણ પીને આ ચાર જણ સમાગમ કરે છે.' આ મુમુક્ષુ ઉત્તમ હતો. તેણે કહ્યું, 'ગુરુજી, હું વાયુપાન કરીને પણ આપનો સમાગમ કરીશ.'

વહાલા ભક્તો, આપણે આપણી અંદર ઊંડા ઊતરીને તપાસીએ કે આપણને ભગવાન પામવાનો આવો ખપ છે ? આપણને તો આપણું મનગમતું મળે તો જ સત્સંગ કરવો ગમે; પણ જરા વિચાર કરીએ કે આમ ભગવાન મળે ખરા ? માટે સાવધાન, ખરેખરા ખપવાળા બનીશું પછી જ ભગવાન મળશે.

**'ખોળી ખોળીને ખોળિયું,**

**ખરા ખપવાળાની ખોટ રે.'●●●**



# આપણે પોતાને ઓળખીએ છીએ ?

લેખક : સાધુ અનાદિસ્વરૂપદાસ    ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

એક ગામમાં એક સારું ફેમિલી રહેતું હતું. એક દિવસ ભગવાનને ભોજનનો થાળ ધરાવવામાં આવ્યો. ભગવાને જમી લીધા પછી ફેમિલીના સર્વે સભ્યો ડાઇનિંગ ટેબલે જમવા બેઠા. બધા જમવાની શરૂઆત કરે તે પહેલાં પિતાએ ભગવાનને પ્રાર્થના કરી, “હે ભગવાન ! તમારો ખૂબ ખૂબ આભાર કે તમે અમને પ્રસાદરૂપે રોજ આવું સ્વાદિષ્ટ ભોજન આપો છો. એવા આશીર્વાદ આપજો કે આ પ્રસાદ જમવાથી અમારાં અંતર અને બુદ્ધિ પવિત્ર બને; જેથી અમે તમારી અને તમારા સંતો-ભક્તોની સેવા કરતા રહીએ ને તેમને રાજી કરતા રહીએ.”

જ્યારે બધાને ભોજન પીરસાઈ ગયું, ત્યારે પિતાએ જમવાનું શરૂ કર્યું. થોડું જમીને તેઓ ભોજન વિષે ફરિયાદ કરવા લાગ્યા કે, આ શાક સ્વાદિષ્ટ નથી, રોટલી પણ કોઈક કાચી તો કોઈ બળેલ છે; વગેરે...

આ સાંભળીને તેમની ફક્ત પાંચ વર્ષની દીકરીએ કહ્યું, “પપ્પા, શું એ સાચું છે કે આપણે જે કાંઈ બોલીએ તે ભગવાન સાંભળે છે અને જે કાંઈ કરીએ તે ભગવાન જુએ છે ?”

ત્યારે પિતાએ કહ્યું, “ચોક્કસ બેટા.” ત્યારે દીકરીએ કહ્યું, “ત્યારે ભગવાને તમે કરેલ પ્રાર્થના સાંભળી હશે, નહીં ?” “હા, બેટા.” “અને, તમે હમણાં કરેલ ભોજન વિષેની ફરિયાદ પણ સાંભળી હશે ?” “ચોક્કસ બેટા.”

ત્યારે ભલીભોળી દીકરીએ પૂછ્યું, “તો પપ્પા, ભગવાન તમારી કઈ વાત સાચી માનશે ? ભોજન શરૂ કરતાં પહેલાં તમે કરેલ તેમના પ્રસાદની પ્રશંસા, કે ભોજન શરૂ કર્યા પછી તેમના પ્રસાદની કરેલ નિંદા ?” આ સાંભળીને પિતાને તેમની ભૂલ સમજાઈ ગઈ.

વહાલા ભક્તો, કહેવાય છે કે,

**मनस्यन्यद् वचस्यन्यत्कार्ये चान्यद्दुरात्मनाम् ।**
**मनस्येकं वचस्येकं कर्मण्येकं महात्मनाम् ॥**

વિચારવાનું બીજું, બોલવાનું બીજું અને કરવાનું બીજું - આવો સ્વભાવ તો દુર્જનોનો છે; સજ્જનોનું તો જેવું મનમાં, તેવું જ વાણીમાં અને તેવું વર્તનમાં હોય છે.

વહાલા ભક્તો, ઉપર કહ્યા એવા દુર્જનો ભગવાન કે મોટા પુરુષને ગમતા નથી, પણ સજ્જનો જ ગમે છે. વળી, ભગવાન અને એમને અખંડ ધારી રહેલ મોટા પુરુષ ખરેખર આપણા દિલમાં શેની ઇચ્છા છે, તે જાણે છે. માટે ભગવાન તો આપણી અંતરની ઇચ્છા પ્રમાણે આપણાં ભજન અને સેવાનું ફળ આપે છે; અને મોટા પુરુષ એ પ્રમાણે આશીર્વાદ આપે છે.

આપણે રોજ સવારની પૂજામાં, માનસી પૂજામાં અને સાંજે આરતી બાદ સ્તુતિમાં રોજ ભગવાનને ઘણી પ્રાર્થના કરીએ છીએ; અરે, વર્ષોથી કરીએ છીએ તોપણ તે પ્રમાણે કેમ થતું નથી ? શું ભગવાન આપણી પ્રાર્થના સાંભળતા નથી કે પછી આપણા અંતરમાં બીજું છે ને પ્રાર્થનામાં બીજું છે ? અરે, ઘણી વાર તો અંતરમાં હોય તેવું બોલતા હોઈએ, પણ ભગવાન જાણતા હોય કે આ ક્યારે ફરી જશે તેનું નક્કી નથી.

માટે વહાલા ભક્તો, સૌ પ્રથમ તો ભગવાન પાસે ચોખ્ખી અને પાકી સમજણ માંગવાની જરૂર છે અને એ દ્વારા અંતરશુદ્ધિ કરવાની જરૂર છે. નહિ તો આપણે જ આપણને છેતરશું અને બીજાના છેતર્યા ઊગરીએ, પણ જાતના છેતર્યા કદી ન ઊગરીએ. માટે ચાલો મહારાજને પ્રાર્થના કરીએ કે,

દેખું સર્વમાં એક જ તમને રે,
એવું ‘જ્ઞાન’ આપો હરિ મને રે;
મને મારું જ અજ્ઞાન દેખાય રે,
બીજા સર્વમાં ‘જ્ઞાન’ મનાય રે. ●●●

# હેતના ટેભા

લેખક : સાધુ સાકારસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી



સુરતમાં શ્રીહરિના એક અનન્ય ભક્ત આત્મારામ દરજી રહેતા હતા. હરિભક્તો તેમની પાસે શ્રીહરિ માટે વાઘા કરાવતા. હરિભક્તોને જેવો ભાવ હોય તેવું શ્રીહરિ માટે અંગરખું, ડગલી, સુરવાળ વગેરે બનાવી આપતા. શ્રીહરિમાં તેમને એવો પ્રેમ હતો કે જ્યારે જ્યારે મહારાજ માટે વાઘા સીવવાના થાય, ત્યારે તે પ્રભુમય થઈ ખૂબ જ ભાવ અને પ્રેમથી વાઘા સીવતા. ક્યારેય તે હરિભક્તો પાસેથી શ્રીહરિ માટે વાઘા સીવવાનાં પૈસા પણ લેતા નહિ; આવા તેઓ મહિમાવાળા હતા.

એક દિવસ તેમને વિચાર આવ્યો કે, હરિભક્તો પ્રભુજી માટે વાઘા કરાવે છે, તો મારે પણ મારા હરિવર માટે એક સુંદર ડગલી બનાવવી છે; આવું વિચારી તેમણે એક ડગલી બનાવવાનું શરૂ કર્યું. ડગલી સીવતાં સીવતાં અંતરમાં અહોભાવના હિલોળા આવતા કે, આ ડગલી મારા પ્રભુજી પહેરશે, મારા વહાલાને ખૂબ ગમશે. અહો ! કેવા સુંદર લાગશે એ અક્ષરધામના અધિપતિ !!

આવા વિચારો કરતાં કરતાં આંખો ભીની થઈ જતી. ડગલી સીવતાં જાણે પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન થતાં હોય એવું અનુભવાતું હતું ! તેમણે ડગલીમાં સુંદર બુટ્ટા, વેલ વગેરે અવનવું ભરતકામ કર્યું.

જ્યારે સુંદર નયનરમ્ય ડગલી તૈયાર થઈ, એટલે તેઓ મહારાજને અર્પણ કરવા ચાલતા થયા. એ વખતે શ્રીજીમહારાજ ભાવનગરમાં બિરાજમાન હતા. આત્મારામે ભાવનગર આવી પ્રેમપૂર્ણ હૃદયે મહારાજને ડગલી અર્પણ કરી. આત્મારામનો પ્રેમ-ભાવ જોઈ મહારાજે ડગલી પહેરી. ડગલી મહારાજને બરાબર બંધ બેસતી થઈ ગઈ. નહિ લાંબી, નહિ ટૂંકી, નહિ પહોળી.

જાણે કે માપ લઈને બનાવી હોય ને શું !

મહારાજ ખુશ થઈ ગયા અને કહ્યું : "આત્મારામ ! આ ડગલી તો અદ્‌ભુત બની છે, અમને તો બહુ જ ગમી. અમે ખૂબ રાજી થયા. માગો માગો, અમે તમને શું આપીએ ?" આત્મારામે હાથ જોડીને કહ્યું : "હે વહાલા ! આપ રાજી થયા હવે મારે બીજું શું જોઈએ ?" આત્મારામની આવી નિષ્કામ પ્રેમભક્તિ જોઈ મહારાજે રાજી થઈ તેમને થાળની પ્રસાદી આપી.

આમ, મહારાજે ડગલીનાં ખૂબ વખાણ કર્યાં, એટલે એક હરિભક્તે આત્મારામને પૂછ્યું : "આત્મારામ, આ ડગલી મહારાજને એકદમ બંધબેસતી થઈ ગઈ, તો એ તો કહો કે આ ડગલીનું માપ તમે ક્યારે લીધું ?" આત્મારામે પ્રેમથી કહ્યું : "ભાઈ, આમ તો માપ નથી લીધું, પણ હું જ્યારે ડગલી સીવતો ત્યારે આંખો મીંચી મહારાજને સંભારું તો અંતરમાં મહારાજની મૂર્તિ દેખાતી ત્યારે માપ લઈ લેતો."



અહો ! કેવો ભગવાનમાં પ્રેમ !! આવો પ્રેમ જો આપણને થઈ જાય, તો અંતરમાં પ્રભુ અખંડ દેખાય, પછી ભૂલવા હોય તોય ન ભુલાય.

આ બાજુ ભાવનગર નરેશ વજેસિંહજીને કાને આ ડગલીની વાત પહોંચી. એને થયું કે મારે એ ડગલી જોવી છે. એમણે એ ડગલી જોવા મંગાવી. વજેસિંહજી ડગલી જોઈને મુગ્ધ થઈ ગયા ને મનમાં થયું કે, મારે પણ મારા માટે આવી ડગલી કરાવવી છે. પછી તેમણે આત્મારામને બોલાવ્યા અને કહ્યું : "આત્મારામ, આવી ડગલી મારા માટે સીવી આપશો ? મોં માગ્યા પૈસા તમને આપીશ."

આત્મારામ ઘડીક તો મૂંઝાયા કે શું જવાબ આપવો ? પણ શ્રીહરિને અંતરમાં સંભારી શાંતિથી જવાબ આપ્યો : "મહારાજા ! માફ કરજો, એકલી કારીગરીથી આ કામ નથી થયું. એ તો મેં મારા ઇષ્ટદેવ માટે હેતના ટેભા લઈને બનાવી હતી, બીજા માટે આવી ડગલી સીવવા હેતના ટેભા ક્યાંથી લાવું ?"

રાજા સમજદાર હતા. બધું સમજી ગયા કે, એને એના ઇષ્ટદેવ જેવો પ્રેમ મારા ઉપર ક્યાંથી હોય ? તરત મન વાળી લીધું.

વહાલા ભક્તો ! ભક્ત અને ભગવાનના આ પ્રેમપૂર્ણ પ્રસંગથી આપણે પ્રેરણા લઈએ કે આપણે પણ ભગવાન માટે, સંતો-ભક્તો માટે કાંઈક ને કાંઈક સેવા તો કરતા જ હોઈએ છીએ; પરંતુ આત્મારામ ભગત જેવો પ્રેમભાવ-મહિમાભાવ આપણને કેટલો રહે છે ?

મહારાજે તો વચનામૃત ગઢડા મધ્યના ૪૧માં કહ્યું છે કે, "ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી." મહારાજનાં આ વચનો યાદ રાખી જો આપણે પણ અહોભાવ, પ્રેમભાવ અને મહિમાભાવથી સેવા કરીએ, તો જેવા આત્મારામ ભગત ઉપર મહારાજ રાજી થયા એવા આપણા ઉપર પણ ચોક્કસ રાજી થાય. સૌને ભાવથી જય સ્વામિનારાયણ...

# કરુણાસાગરની અસીમ કરુણા

લેખક : સાધુ પ્રસન્નવદનદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

વહાલા ભક્તો ! સર્વાવતારી ભગવાન શ્રીસ્વામિનારાયણ આ બ્રહ્માંડમાં પધાર્યા ને ભરતખંડમાં મનુષ્યરૂપે થઈ વિચરી અનંત જીવોનાં આત્યંતિક કલ્યાણ માટે મહારાજે અનંત ચરિત્રો કર્યાં, જ્ઞાનોપદેશ આપી ભવબંધન છોડાવીને મહામુક્ત બનાવ્યા. પોતાના આશ્રિતને ભગવાન વિના બીજો આધાર કે બંધનને છોડાવી પોતાના સ્વરૂપમાં જોડીને પોતાની મૂર્તિનો મહા આનંદ પમાડવા મહારાજ વિધવિધ પ્રકારની સમજણ આપતા. વળી, પોતાનો પ્રતાપ દેખાડીને સહજમાં જીવને માયાનાં બંધન છોડાવતા, તે એક ચરિત્ર દ્વારા જોઈએ.

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન પ્રગટ પ્રમાણ મનુષ્યરૂપે જ્યાં વિરાજતા ત્યાં નિત્ય નવા આનંદ ને ઉત્સવો સહજમાં થતા. મહારાજના આશ્રિતો મહારાજને રાજી કરવા તન-મન-ધનથી શ્રદ્ધાપૂર્વક સેવા કરતા. મહારાજ ગઢપુરને વિશે દાદાખાચરના દરબારમાં વધુ ને વધુ રહ્યા ને બહુ જ ઉત્સવ-સમૈયા કર્યા. દેશ-દેશાંતરથી ભક્તો આવે ને જન્માષ્ટમી, રામનવમી, રંગોત્સવ, અન્નકૂટ ઉત્સવ આદિક ઉત્સવો થતા. તેમાં ભક્તો પોતાની સંપત્તિ આપી મહારાજને રાજી કરવા ઉત્સવ-સમૈયા કરાવતા ને લાભ લેતા. એક દિવસ શ્રીજીમહારાજ દાદાખાચરના દરબારમાં બિરાજમાન હતા ને સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે મહારાજે દાદાખાચરને વાત કરી કે હમણાં અન્નકૂટનો ઉત્સવ આવે છે, તો તેમાં આપનાં સોમાફૂઈને યજમાન કરીએ ને તેમને એ સેવાનો લાભ આપીએ. આ સાંભળી દાદાખાચર કહે, ‘મહારાજ ! મારાં ફઈ રૂપિયા વાવરે તેવાં નથી. તેઓ તો હંમેશાં મારે ત્યાંથી રોટલો ને દાળ લઈ જાય છે ને અડધો રોટલો બપોરે ને અડધો સાંજે જમે છે.’ મહારાજ કહે, ‘ભલે, પણ આ વખતે અન્નકૂટ ઉત્સવના યજમાન અમારે સોમફઈને જ કરવાં છે.’ દાદાખાચર કહે, ‘મહારાજ ! આપ તો ભગવાન છો, ધારો તે કરો.’

પછી એક દિવસ શ્રીજીમહારાજ સોમફઈના ઓરડે પધાર્યા. સોમફઈ તો મહારાજ પધાર્યા એટલે ઊભા થઈ પગે લાગ્યા ને મહારાજને સાંગામાંચી ઢાળી આપી. તે પર મહારાજ બિરાજમાન થયા. સોમફઈએ હાથ જોડી કહ્યું, ‘મહારાજ આજે કેમ પધાર્યા ?’ મહારાજ કહે, અમે દાદાના દરબારમાં બિરાજીએ છીએ; તે વર્ષોવર્ષ વિધવિધ ઉત્સવો થાય, દેશદેશના ભક્તો પધારે ને ઉત્સવના યજમાન થઈને અમારો રાજીપો લે છે. તે અમને એમ થયું કે આ વખતે અન્નકૂટનો ઉત્સવ આવે છે તે કોને યજમાન કરવા ?’ તે સાંભળી સોમફઈ કહે, ‘મહારાજ ! આપને તો હજારો હરિભક્તો છે. તે જેને કહો તે અન્નકૂટ ઉત્સવનો લાભ લેશે.’ મહારાજ કહે, ‘સોમફઈ બીજા બધાને તો લાભ મળે જ છે; પરંતુ આ વખતે અમને એમ થાય છે કે આ અન્નકૂટ ઉત્સવના યજમાનપદનો લાભ આપને આપવો છે.’ ત્યારે સોમફઈ કહે, ‘અરે મહારાજ ! મારી પાસે ક્યાં રૂપિયા છે ? કાંઈ ન મળે.’ ત્યારે સર્વાંતર્યામી મહારાજ કહે, ‘તમારા ઘરમાં હોય તો લઈ લઈએ ?’ ફઈ કહે, ‘હા મહારાજ, હોય તો લઈ લો.’ સોમફઈને એમ કે મેં રૂપિયા ક્યાં મૂક્યા છે, તેની મહારાજને ક્યાંથી ખબર હોય ! પરંતુ મહારાજ તો બધું જ જાણે, એટલે મહારાજે ઓરડાના એક ખૂણામાં ત્રણ હજાર રૂપિયા દાટેલા,

તે ભગુજી પાસે ખોદાવી કઢાવ્યા. ત્યારે સોમફઈ બોલ્યા જે, 'મહારાજ તો બધું જાણતા દીસે છે.'

પછી મહારાજે તે રૂપિયાનો સામાન મંગાવીને સુખડાં કરાવ્યાં ને ઠાકોરજીની આગળ અન્નકૂટ ધર્યો. આરતી ઉતારી મહારાજ જમ્યા ને હજારો સંતો-ભક્તોને જમાડ્યા ને સમૈયો નિર્વિઘ્ન પૂર્ણ થયો. પછી સભામાં મહારાજે વાત કરી કે સાંભળો... સાંભળો, આ વખતના અન્નકૂટ ઉત્સવના યજમાનપદનો લાભ સોમફઈએ લીધો છે. તે સાંભળી બધાએ તાળીઓનો ગડગડાટ કર્યો અને સંતો-ભક્તોએ વિચાર્યું કે સોમફઈ તો રૂપિયા વાવરે એવાં નથી, પરંતુ મહારાજે વવરાવ્યા.

થોડા સમય પછી હુતાશનીનો સમૈયો આવ્યો, ત્યારે એક દિવસ મહારાજ સોમફઈને ઓરડે પધાર્યા. સોમફઈએ મહારાજ માટે ઢોલિયો બિછાવ્યો. મહારાજ બિરાજમાન થઈને કહે, 'અમને ભૂખ લાગી છે. તે કાંઈ જમવાનું હોય તો આપો.' સોમફઈ કહે, 'મહારાજ ! થોડીવાર ખમો તો થાળ કરું.' મહારાજ કહે, 'ઓલ્યા ડબ્બામાં બાજરાનો અડધો રોટલો છે તે લાવો.' ત્યારે સોમફઈને થયું મહારાજ તો બધું જ દેખે છે. પછી મહારાજને રોટલો ને દહીં આપ્યું. મહારાજ જમવા લાગ્યા. સોમફઈને થયું કે મહારાજ રોટલો જમી જશે તો હું સાંજે ભૂખી રહીશ. એટલે કહે, મહારાજ મને પણ ભૂખ લાગી છે. પછી મહારાજે ચોથિયું રોટલો જમીને બાકીનો રોટલો આપ્યો. પછી મહારાજ જળપાન કરી ઢોલિયે બિરાજમાન થયા.

મહારાજ કહે, 'સોમફઈ, ગઈ વખતે તમે અન્નકૂટ ઉત્સવ કરાવ્યો ને અમને તથા સંતો-ભક્તોને રાજી કર્યા. તે હમણાં હુતાશનીનો સમૈયો આવે છે, તે અમને એમ થયું કે આ વખતે પણ સોમફઈને યજમાનપદ આપીને અમારો ને સંતો-ભક્તોના રાજીપાનો લાભ આપીએ, એટલે અમે આવ્યા છીએ.' ત્યારે સોમફૂઈ કહે, 'મહારાજ ! હવે તો કાંઈ નથી.' મહારાજ કહે, 'હોય તો લઈ લઈએ ?' ત્યારે થોડું વિચારીને સોમફૂઈ કહે, 'ભલે, જો હોય તો લઈ લ્યો.' પછી મહારાજ ઊભા થયા ને કહ્યું, 'પેલા ખૂણામાં પાંચ હજાર રૂપિયા દાટ્યા છે તે જો પડ્યા રહેશે તો તમને વાસના રહેશે ને કલ્યાણ બગડશે.' ત્યારે સોમફૂઈ કહે, 'મહારાજ ! તમે તો બધું જાણો છો. એ તો મારી મરણમૂડી છે, તે રહેવા દ્યો. ને આપને તો ઉત્સવના યજમાન ઘણા મળી રહેશે.' મહારાજ કહે, 'જુઓ સોમફૂઈ, આજથી અમારા થાળમાંથી તમને જમવાનું મોકલશું. તમારી સાજા-માંદા થયે ખબર રાખશું. કોઈ વસ્તુ જોઈતી હશે તે અપાવશું ને બહાર જવું હોય તો ખર્ચી આપશું. ને અમે ધામમાં જઈએ તે પહેલાં તમને અમારા ધામમાં અમારી સેવામાં મોકલી દેશું.' ત્યારે સોમફૂઈ કહે, 'હે મહારાજ ! તો લઈ જાઓ.' પછી મહારાજે પાર્ષદોને બોલાવી ખૂણામાં ખોદાવ્યું ને પાંચ હજાર રૂપિયાનું દેગડું કઢાવીને લઈ ગયા ને હુતાશનીનો સમૈયો ધામધૂમથી કરાવ્યો. મહારાજ ને સંતો-ભક્તો રંગે રમ્યા ને ઘેલા નદીમાં સ્નાન કરીને દરબારગઢમાં પધાર્યા ને થાળ જમ્યા. હવેથી સોમફૂઈ પાસે ભગવાન સિવાય કોઈ આધાર ન રહ્યો ને ભગવાનની પ્રસન્નતા થઈ તેથી સોમફૂઈની વૃત્તિ અખંડ ભગવાનમાં રહેવા લાગી. પછી મહારાજે સોમફૂઈ જીવ્યા ત્યાં સુધી બધી જ ખબર રાખી-રખાવી ને અંતે અક્ષરધામમાં પોતાની સેવામાં રાખ્યાં.

વહાલા ભક્તો, પૂ.ગુરુજીએ એક દોહામાં કહ્યું છે કે...

**નોધરા ને એકલા, જ્ઞાન જો રહી શકાય;**
**તો જ હરિની જરૂર પડે, તો જ ખરું હેત થાય.**

વહાલા ભક્તો ! ભગવાન ને મોટા એકાંતિક સત્પુરુષમાં અલૌકિક દયા ને કરુણા રહી હોય છે. તે આપણને આ લોકનાં બંધન છોડાવી ભગવાનની મૂર્તિમાં જોડવા માટે આવી કરુણા કરે ત્યારે રાજી થવું. કેમ જે, જ્યાં સુધી બીજો આધાર હશે ત્યાં સુધી મહારાજની જરૂર પણ નહિ પડે ને ખરું હેત પણ નહિ થાય. માટે એક ભગવાનને આધારે જીવશું તો જ મહારાજની જરૂર પડશે ને ખરું હેત થશે.

# જલેબીનો જલેબો

લેખક : સાધુ આત્મીયસ્વરૂપદાસ ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામી

ગઈકાલે પૂ.સ્વામીએ ઝૂમ કોન્ફરન્સમાં જે વાત કરી એ વાતે મને જગાડી દીધો. આમ તો મારે સત્સંગમાં આવ્યાને લગભગ ચૌદેક જેટલા વર્ષ થઈ ગયા, પણ કાલે જે ઝબકારા થયા એ તો મારા ટર્નિંગ પોઇન્ટ બની ગયા. આજ સુધી તો હું મારું એક જ પાસું મમળાવ્યા કરતો હતો કે, 'આટલા વર્ષથી મને કોઈ સંતો-ભક્તોનો અભાવ નથી આવ્યો.' પણ એટલાથી શું ? ભગવત્પ્રાપ્તિ માટે આટલું જ ઇનફ નથી; એ વાત મને અત્યાર સુધી સમજમાં નહોતી આવી. પ્રશાંત ! સાચું કહું તો સભામાં થયેલ વાતો અંગેના તે વિચારોએ મને એવો તો ઘેરી લીધો કે રાતના દોઢ વાગી ગયા. મને થયું કે પૂ.સ્વામીમાં રહીને જ્યારે મારા પ્રભુએ આ ધક્કો માર્યો જ છે, તો ચાલ તેમની કૃપા અત્યારે જ કંડારી લઉં. પછી તો મેં નોટ-પેન લઈને લખવા માંડ્યું.

પૂ.સ્વામીએ કહેલ સ્વસંશોધન અંગેના મુખ્ય મુખ્ય મુદ્દાઓ તો મેં એ વખતે સભામાં જ નોંધી લીધેલા; પણ હવે તે વિષે અંતરમાં ડોકિયું કરી એક એક મુદ્દા વિષે મેં ડીપથી વિચારીને લખવા માંડ્યું. વિચારોનો પ્રવાહ રોક્યો રોકાતો નહોતો. કેટલાક પ્રસંગો યાદ કરતાં અજ્ઞાન ઉઘાડું થઈ જતું હતું. સદ્‌ગુણો પાછળ છુપાયેલ અનેક દોષો ઓળખાતા હતા. એ ૧૪ મુદ્દાઓનું રાત્રે બનેલું લિસ્ટ વાંચી થોડીવાર તો હું હતાશ થઈ ગયો, પણ તરત પ્રભુએ જ અંદરથી આનંદ અને બળ પ્રેરીને સદ્.મુક્તાનંદ સ્વામીની એક પંક્તિ યાદ કરાવી...

**હરિકૃપા જબ હોત તબ, સૂઝત અપના દોષ;**
**મુક્ત કહે તેહિ પ્રભુ બિના, સબસે હોત સંતોષ.**

આ પંક્તિએ મને મોડ આપી સ્વસ્થ કરી દીધો. પછી મને થયું કે જેમના માધ્યમે પ્રભુએ મારું અજ્ઞાન ઓળખાવ્યું છે, તેમના જ શરણે કેમ ન જાઉં ! પણ અત્યારે તો રાત્રી છે. ખેર, સવારની કથા બાદ પહેલું આ કામ જરૂરથી કરી લઈશ; એમ વિચારી હું સૂઈ ગયો. સવારે મંગળા દર્શનમાં પ્રભુનું મુખ પ્રફુલ્લિત દેખાતું હતું. જાણે કે તેઓ મને એમની વધુ નજીક ખેંચવા માટે અંદર અને બહાર, એમ બંને બાજુથી મહેનત કરતા ન હોય !

સવારે કથા પૂરી થતાં જ મેં પૂ.સ્વામીને ફોન લગાવ્યો. ઘણા સમય બાદ ફોન કરતો હતો એટલે હૈયું થોડું ભારે હતું, પણ સાથોસાથ હરિવરની મદદ પણ એટલી જ હતી. સ્વામીએ ફોન ઊંચક્યો એટલે મેં મારો પરિચય આપ્યો. ને ગઈકાલની સભામાં કરેલી વાતો બદલ થેંક્યુ કહીને મારી વાતો કરવા માંડી. તારણરૂપે પકડાયેલું મારી ભૂલોનું ૧૪ મુદ્દાઓનું લિસ્ટ પણ વાંચી સંભળાવ્યું. એમાંના એક-બે મુદ્દે તો મારાથી રડાઈ ગયું. પૂ.સ્વામીએ મને સાંત્વના આપતાં કેટલીક બળભરી વાતો કરી. એ વાતો પણ એટલી બધી અડી ગઈ કે ન પૂછો વાત.

ક્યારનોય બ્રિજેશની મભમ વાતો સાંભળી રહેલ તેનો મિત્ર પ્રશાંત બોલ્યો, "બ્રિજેશ ! આમ તું મને ક્યાં સુધી લલચાવીશ ? હું ગઈકાલની કોન્ફરન્સમાં હાજર રહી શક્યો ન હતો, તેથી પૂ.સ્વામીએ શું વાતો કરી એની મને કાંઈ જ ખબર નથી. વળી, તારા ૧૪ મુદ્દા કે તને પકડાયેલી વાતો વિશે પણ હું કશું જાણતો નથી. તો સ્વામીની કરેલ વાતનો થોડો પ્રસાદ મને પણ... હા, તારી અંગત વાત હોય તો એ બાદ કરી દે પણ બીજું તો..." બ્રિજેશે હાસ્ય સાથે કહ્યું, "મિત્ર પ્રશાંત, તારી પાસે શું અંગત ને શું જાહેર ! પણ ચાલ એમાંની સૌથી અગત્યની સારરૂપ વાત શોર્ટમાં કહી દઉં. તેમાં ખાસ તો મને ઓળખાયેલું ભયંકર અજ્ઞાન જો કોઈ હોય તો એ છે : જલેબીનો જલેબો.

મિત્ર પ્રશાંતે પૂછ્યું, 'બ્રિજેશ ! તું કોને જલેબો કહે છે ? વિગતવાર વાત તો કર.' બ્રિજેશે એકધારું બોલવા માંડ્યું, "પ્રશાંત ! હું મહારાજના દર્શન તો રોજ કરું છું, પણ પ્રગટભાવથી ખેંચાઈને નથી કરતો એને જ કહેવાય જલેબો. હું કથા તો દરરોજ સાંભળુ છું, પણ રોજનું થતાં અસરપ્રૂફ થઈ જવાયું છે; તેથી રસપૂર્વક શ્રદ્ધાથી સાંભળવાને બદલે બકાડવા પૂરતી કથા સંભળાય છે, એને જ કહેવાય જલેબો. હું સેવા તો કરું જ છું, પણ આ સેવા મને મળે જ ક્યાંથી ! એવા અહોભાવથી નથી કરતો, એને જ કહેવાય જલેબો. હું સંત સમાગમ તો કરું છું, પણ મને મળેલ સંતોનો સમાગમ કેટલો દુર્લભ છે ! - એમ શ્રદ્ધા, મહિમા અને ભાવના સાથે નથી કરતો, એને જ કહેવાય જેલેબો. હું સંતો-ભક્તોના સંગમાં-યોગમાં

તો રહું છું, પણ અહો... અહો... એમ નથી થતું; તેમનામાં દિવ્યભાવ કે મુક્તપણાનો ભાવ નથી રાખતો, એને જ કહેવાય જેલેબો. હું કોઈનો અવગુણ ભલે નથી લેતો પણ તેમના ગુણોથી પ્રભાવિત થઈને તેમનો લાભ પણ નથી લેતો, એને જ કહેવાય જલેબો. હું સત્સંગી તો ઘણાક વર્ષોથી છું પણ અન્ય ભક્તો જેવી સમજણ, સ્થિતિ ને સુખ પામવાનો તરવરાટ નથી, એને જ કહેવાય જલેબો. હું સત્સંગમાં નવો આવ્યો હતો ત્યારે મને જે સુખ આવતું, બધા દિવ્ય લાગતા, આનંદ આવતો એવો અત્યારે નથી આવતો તો એને શું કહેવાય ? જલેબો જ તો ! કેમ જે, નહિ તો વચ.ગ.પ્ર.૬૩માં શ્રીજીમહારાજના કહ્યા મુજબ પ્રગટ સંતો-ભક્તો કેવા મોટા મનાય ! કેવું સુખ આવે !

પ્રશાંત ! આવા તો મને અનેક જલેબાઓ થઈ ગયા છે, જે પૂ.સ્વામીએ કૃપા કરીને મને ઓળખાવ્યા. આ જલેબા ન ઓળખાવ્યા હોત તો હું આ સત્સંગરૂપી સાગરમાં જ હોવા છતાં તરસ્યો રહી જાત. મહારાજ અને મુક્તોને ઓળખ્યા વગર, તેમનો લાભ લીધા વગર આખી જિંદગી બસ એમ જ વહી જાત. પૂ.સ્વામી કેટલીક પ્રેક્ટિકલ વાતો કરી મને સમજાવતા હતા કે, 'વહાલા મહારાજમાં હેતથી જોડાઈ જવાને બદલે શુષ્કતા સાથે સ્થૂળભાવમાં જિવાય છે, સંતો-ભક્તોનાં આજ્ઞા-વચનો માનવાં કઠણ પડે છે, તેઓ દિવ્ય-ભવ્ય મોટા મુક્તો મનાવાને બદલે કેટલીક વાર તેમનામાં ગૌણભાવ અને ડહાપણ થઈ જાય છે, જોઈએ એવા દાસ નથી રહેવાતું; અંતરમાં સુખના ફૂવારા છૂટવાને બદલે અહક અને અસુખ રહે છે - એ બધાના મૂળમાં જોઈએ તો જવાબદાર એક કારણ જલેબીનો થઈ ગયેલો જલેબો છે.

સાંભળ પ્રશાંત, એક બીજી વાત કરું. આ બ્રિજેશની આજ સુધી કોઈ ફરિયાદ નથી આવી. આ બ્રિજેશે કદી સેવામાં પાછી પાની નથી કરી. આ બ્રિજેશ એક પણ નિયમ-ધર્મ ચૂક્યો નથી. અને આવી બધી કેટલીક સારી બાબતોને લઈને જ હજુ સુધી બ્રિજેશની ટાંગ ઊંચી રહી છે. આ બ્રિજેશ પોતાથી પ્રભાવિત હોવાને કારણે જ સંતો-ભક્તોથી પ્રભાવિત નથી અને મહિમાયુક્ત નથી જીવતો. આ મારું અહંયુક્ત અજ્ઞાન પણ મને પૂ.સ્વામીની વાતથી ઓળખાયું છે. આજ સુધી કોઈ પ્રભાવિત થઈને મને સારો પ્રસંગ કહેવા માંડે તો એ મને ભોળપણ મનાતું; પણ જ્યારે મેં સ્વામીના કહ્યા મુજબ આ બાબતે કમ્પેરીઝન કરવા માંડી ત્યારે સાચી ખબર પડી કે એ ભોળામાં કેટલા ભગવાન ભરેલા હોય છે ! ને મારા જેવા કહેવાતા ભણેલા કેવા ભમી ગયા હોય છે ! તું જાણે છે કે ચેતન અને મારી બંનેની ઉંમર સરખી. અમે સત્સંગમાં પણ સાથે જોડાયા, પણ તેની પાસે મારી જાતને બાજુમાં મૂકું ત્યારે મને મારી ભૂલ સમજાય છે. એના વિચારોમાં-હૃદયમાં જેટલો સંતો-ભક્તો પ્રત્યેનો અહોભાવ અને દિવ્યભાવ છે એટલો મારામાં નથી. એ જેટલો આનંદમાં રહી શકે છે એવો હું નથી રહી શકતો. આ ફેર કેમ ? મારા અમહિમાને લઈને, સ્વશ્રેષ્ઠતાને કારણે; બીજા શબ્દોમાં કહું તો મને થયેલ જલેબીના જલેબાને કારણે.

પ્રશાંત ! હવે મને એટલું ચોખ્ખું થઈ ગયું છે કે, **આ સત્સંગમાં જેને મહારાજ અને મળેલા સંતો-ભક્તોનો મહિમા છે એ મહિમાવાન માલમીઓ આનંદસાગરમાં ઝૂમે છે અને બાકીના મારા જેવા કોરા ધાકોડ અહંકારી તો સત્સંગમાં વર્ષો સુધી રહેવા છતાં ખરા આનંદથી વંચિત જ રહી જાય છે.** તેનાં ઘણાંક વર્ષો બગડે છે એ મારો જાત અનુભવ છે; આમ બોલતાં બ્રિજેશ ઢીલો પડી ગયો. પ્રશાંત પણ આ બધી બ્રિજેશની ફીલિંગસભર વાતો સાંભળી પોતાનામાં ઊંડો ઊતરી ગયો.

વહાલા ભક્તો ! જે મહારાજ અને મોટાનો મહિમા હંમેશાં સજાવ્યા જ કરે એ સુખી સુખી થઈ જાય. જે દર્શન, સેવા-સમાગમ, વાતો અને મળેલી પ્રાપ્તિ વિષે શુકાનંદ સ્વામીની જેમ કાયમ નવો નવો જ ભાવ રાખે એની હંમેશાં ચડતી કળા જ રહે, અને જે આવી દુર્લભ પ્રાપ્તિ મળવા છતાં તેનો જલેબો કરી બેસે તેના હૃદયમાં હંમેશાં પ્રકાશ અને પૂર્ણતા રહેવાને બદલે અંધકાર અને અપૂર્ણતા રહે. માટે મળેલી પ્રાપ્તિનો મહિમા રોજ નિયમપૂર્વક વિચારવો. જે પોતાના ઊંચા કુળ, ઉંમર, પદવી, સ્ટેટસ, ગુણો વગેરે બધું જ ભૂલી જઈ અન્યથી પ્રભાવિત રહે છે, જે સામાનો મહિમા સમજી તેમના જ ગુણો ગાયા-સંભાર્યા કરે છે, તે ભક્ત પ્રભુને ખૂબ વહાલો લાગે છે. પ્રભુ તેને પોતાના સુખથી ભરી દે છે. જે પ્રગટ સંતો-ભક્તોમાં રહેલ મનુષ્યભાવ, દેહભાવ, સ્વભાવ વગેરેનાં માયિક પડળને તોડી તેમની આધ્યાત્મિકતાને જ અંતરમાં રાખે છે તે બાજી જીતી જાય છે. સંતો-ભક્તોની આંતરિક ઊંચાઈ, મોટ્યપ, ઉપકારો અને તેમની કરુણા સંભારી જે પોતાનાં નેત્રો ભીનાં રાખે છે તેને કદી જલેબીનો જલેબો નથી થતો. આ બાબતે પ્રભુ અને પ્રભુપ્યારા આપણી રક્ષા કરે એટલી પ્રભુચરણોમાં પ્રાર્થના...

●●●

# શ્રધ્ધાંજલી

## ● અક્ષરવાસ : અ.નિ.પ.પૂ.શ્રીહરિકૃષ્ણદાસજી સ્વામી, ઘેલાકાંઠે-ગઢપુર



શ્રીસ્વામિનારાયણ મંદિર, ઘેલાકાંઠે-ગઢપુરના વયોવૃદ્ધ અ.નિ.પ.પૂ.પુરાણી શ્રીહરિકૃષ્ણદાસજી સ્વામી; ગુરુ પ.પૂ.સદ્.પુરાણી શ્રીધર્મનંદનદાસજી સ્વામી તા.૦૬/૧૦/૨૦૨૪ના રોજ ૮૬ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયા છે. તેઓશ્રીનો જન્મ લાલાવદર ગામના ધાનાણી પરિવારમાં થયો હતો. નાનપણથી ગઢપુર મંદિરે ગુરુ પાસે આવી આચાર્ય શ્રીઆનંદપ્રસાદજી મહારાજ પાસેથી ભાગવતી દીક્ષા લીધી હતી. તેઓએ સંસ્કૃત શાસ્ત્રનો વિદ્યાભ્યાસ કર્યો હતો અને કથા-પારાયણ કરતા હતા. છેલ્લા ૪૦ વર્ષથી ઘેલાકાંઠે ગુરુભાઈ પ.પૂ.શ્રીભક્તિપ્રિયદાસજી સ્વામી તથા પ.પૂ.શ્રીભક્તિતનયદાસજી સ્વામી આદિ સંતોની સાથે રહીને શ્રીઉન્મત્તગંગા મંદિરમાં ભક્તજનોને પિતૃતર્પણની વિધિ કરાવતા હતા. શિક્ષાપત્રી મંદિરના નિર્માણમાં પણ તેઓએ સારો સહયોગ આપ્યો હતો. પૂ.શ્રીહરિકૃષ્ણદાસજી સ્વામીને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિનું અખંડ મહાસુખ આપે તેવી પ્રાર્થના...

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીગોપાલભાઈ નારાયણભાઈ કાતરિયા-ભાવનગર



મૂળગામ ભાવનગર અને હાલ વડોદરામાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીગોપાલભાઈ નારાયણભાઈ કાતરિયા તા.૨૬/૧૨/૨૦૨૪ના રોજ ૯૩ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયા છે. ગોપાલદાદા કુંડળધામના જૂના સમર્પિત હતા. ખોપાળામાં પૂ.ગુરુજી સંતમંડળ સાથે નિવાસ કરીને રહેતા હતા ત્યારથી તેઓ સમર્પિત થઈને કેસેટ-સ્ટોલ સંભાળવાની સેવા મહિમા રાખીને નિર્માનીપણે કરતા હતા. વળી, તેમણે કુંડળધામમાં આણંદદાદાની સાથે સમર્પિત રહીને ઘણાં વર્ષ સુધી પાયાના પથ્થર બની સેવા કરી હતી.

ગોપાલદાદાને કથા સાંભળવાનું અંગ સારું હતું. વળી, તેમને અખંડ સ્મરણ કરવાનું અંગ તો જોરદાર હતું. તેઓ જીવ્યા ત્યાં સુધી પૂ.ગુરુજી કે સંતોનું પૂજન કરવાનું હોય તો ક્યારેય ખાલી હાથે આવ્યા નથી; એવા તે અંદરથી ભક્તિ-ભાવભીના હતા. જ્ઞાતિએ આહીર હોવા છતાં સંતો-ભક્તોની આગળ નિર્માની, દાસ થઈને રહેતા અને પક્ષ રાખવાનો થાય ત્યારે નીડરપણે આગળ આવીને ઊભા રહેતા; એવા તે શૂરવીર અને નિષ્ઠાવાન હતા. તેમણે જિંદગીમાં કોઈ દિવસ સંતોનો અભાવ-અવગુણ નહિ લીધેલો; એવું નિર્દોષ અને બાળક જેવું જીવન જીવ્યા હતા. સંતો કસોટી કે કસણીમાં લે તો સદા સવળું જ લે ને હસતા જ રહે; એવા મહિમાવાળા હતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે.

પૂ.ગુરુજીની આજ્ઞાથી સંતોએ ગોપાલદાદાની અંતિમક્રિયામાં જઈ શ્રદ્ધાસુમન અર્પણ કરી પૂજન કર્યું હતું. ગોપાલદાદા એવા ભાગ્યશાળી હતા કે જેમ શ્રીજીમહારાજે પંચાળાના ઝીણાભાઈની નનામી ઉપાડી હતી તેમ ગોપાલદાદાની નનામી સંતોએ ઉપાડી હતી. ગોપાલદાદાના આવા સદ્ગુણોથી રાજી થઈને પૂ.ગુરુજીએ તા.૮/૧૨/૨૪ ને રવિવારના રોજ શ્રદ્ધાંજલિ સભાનું આયોજન કરાવ્યું હતું. આવા ગોપાલદાદાના આત્માને વહાલા મહારાજ અક્ષરધામમાં પોતાની સેવામાં રાખીને નિજ મૂર્તિનું અખંડ મહાસુખ આપે તથા તેમના પરિવારજનોને દાદા જેવા સદ્ગુણો શીખવાનું બળ આપે એ જ અભ્યર્થના.



## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીયોગેશભાઈ જગદીશભાઈ બ્રહ્મભટ્ટ-કેનેડા

મૂળગામ ખંભાત અને હાલ કેનેડામાં રહેતા પ.ભ.શ્રીયોગેશભાઈ જગદીશભાઈ બ્રહ્મભટ્ટ તા.૧૭/૧૦/૨૦૨૪ના રોજ ૫૯ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરનિવાસી થયેલ છે. તેઓ આપણા આત્મીયસભ્ય અને સારા ભક્ત-સત્સંગી હતા. તેમણે પોતાની જિંદગીનો ઘણો કાળ ભગવાનની, સાધુ-સંતોની સેવામાં વિતાવ્યો હતો. તેમનો દીકરો

મંથન અને આખો પરિવાર મહારાજની સર્વોપરી નિષ્ઠાવાળા, સમજુ અને ભગવાનના આશ્રિત સત્સંગી છે. તેઓ કુંડળધામથી થતી સવારની કથા અને રવિસભાનો નિયમિત લાભ લે છે. આવા યોગેશભાઈના આત્માને મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું દિવ્ય સુખ અખંડ આપે તથા પરિવારજનોને તેમનું છત્ર ગુમાવ્યાનું દુઃખ સહન કરવાનું બળ આપે એ જ પ્રાર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીભીમજીભાઈ હરિભાઈ રંગપરિયા-નાંગધ્રા



મૂળગામ નાંગધ્રામાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીભીમજીભાઈ હરિભાઈ રંગપરિયા તા.૨૫/૧૦/૨૦૨૪ના રોજ ૯૦ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થતા અક્ષરવાસી થયા છે. શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરામાં સમર્પિત થઈને સેવા કરતા મનસુખભાઈ રંગપરિયાના તેઓ પિતાશ્રી હતા. આપણા મંડળના પૂ.સરજુદાસજી સ્વામીના પૂર્વાશ્રમના પિતાજી અને પૂ.સહનપ્રિયદાસજી સ્વામીના તેઓ દાદાજી થતા હતા. ભીમજીદાદા સ્વભાવે શાંત અને નિર્માની હતા. તેમને રોજ સવારે મંદિર દર્શન અને સેવા કરવાનો નિયમ હતો. વળી, કીર્તન-ભક્તિનું પણ સારું અંગ હતું. એમની છેલ્લી ઉંમરમાં તેમને અખંડ સ્વામિનારાયણ...સ્વામિનારાયણ મંત્રજાપ કરવાનું પણ અંગ પડી ગયું હતું. આવા ભીમજીદાદાના આત્માને મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહા સુખ અખંડ આપે એ જ પ્રાર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીકલ્યાણસિંહ મોહનસિંહ પરમાર-લંડન



મૂળગામ રાજકોટ અને હાલ લંડન રહેતા પ.ભ.શ્રીકલ્યાણસિંહ મોહનસિંહ પરમાર ઉર્ફે બાબુભાઈ તા.૦૬/૧૨/૨૦૨૪ના રોજ ૯૦ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. કલ્યાણસિંહજીને મૂળ રાજકોટ ગુરુકુળના પ.પૂ.સદ્.શાસ્ત્રી શ્રીધર્મજીવનદાસજી સ્વામીનો સત્સંગ હતો, પણ સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા, ઉપાસનાવાળા સારા સંતો હોય તે બધાને માટે ખૂબ સારો ભાવ રાખતા. તેથી જ પૂ.ગુરુજી પણ જ્યારે UK સત્સંગ વિચરણમાં જતા ત્યારે મોટેભાગે તેમના ઘેર ઊતરતા હતા. કલ્યાણસિંહજી સંતોમાં ઘનશ્યામ મહારાજનો ભાવ રાખી દર્શન, સમાગમ, સેવાનો લાભ લેતા અને દેહના સંબંધી કરતાં સંતોમાં વધારે ભાવ રાખતા. તેઓ વર્ષોથી લંડનમાં પરિવાર સાથે રહેતા હતા, છતાં તેમને જરા જેટલો કુસંગ અડ્યો ન હતો. હાલમાં વડતાલધામમાં ઊજવાયેલ શ્રીલક્ષ્મીનારાયણ દેવ દ્વીશતાબ્દી મહોત્સવમાં પૂ.ગુરુજી દ્વારા થતાં સવારનાં ધૂન-કીર્તન-ધ્યાન તેમજ કથાનો લાઇવ લાભ લેતા હતા. આવા દિવ્ય લાભને અંતે તેઓ કહેતા કે, "મને ઘનશ્યામ મહારાજનો સાક્ષાત્કાર થઈ ગયો છે, હવે મને ઘનશ્યામ મહારાજ સાક્ષાત્ દેખાય છે." એવો તેમણે અનુભવ વ્યક્ત કર્યો હતો. આવા મહિમાવાળા, દિવ્યભાવવાળા કલ્યાણસિંહજીના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું અખંડ મહાસુખ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીપ્રેમજીભાઈ જેરામભાઈ વાનાણી-વડતાલ



મૂળગામ વલ્લભીપુર અને હાલ વડતાલમાં રહેતા પ.ભ.શ્રીપ્રેમજીભાઈ જેરામભાઈ વાનાણી તા.૨૨/૧૦/૨૦૨૪ના રોજ ૭૪ વર્ષની ઉંમરે શ્રીહરિનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેઓ કુંડળધામમાં સમર્પિત થઈને સેવા કરતા જીવરાજભાઈ વિરાણીના મામા અને કુંડળધામમાં સમર્પિત રહીને સેવા કરતા કુંડળધામથી અક્ષરધામમાં ગયેલા અ.નિ.જેરામદાદા વાનાણી-વલ્લભીપુરવાળાના દીકરા હતા. આ પરિવારે પૂ.ગુરુજીની ખૂબ સારી સેવા કરી હતી, નિષ્ઠા રાખી હતી. તેમના મોટાભાઈ શામજીભાઈ વાનાણીએ તથા તેમના નાનાભાઈ વલ્લભભાઈ વાનાણીએ પૂ.ગુરુજીને ઘણા રાજી કર્યા હતા. આવા પ્રેમજીભાઈના આત્માને મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું સુખ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્ગુણો શીખવાનું બળ આપે એ જ અભ્યર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીનાગજીભાઈ જીવરાજભાઈ કેવડિયા-સુરત



મૂળગામ રોહિશાળા અને હાલ સુરતમાં રહેતા પ.ભ.શ્રીનાગજીભાઈ જીવરાજભાઈ કેવડિયા તા.૨૧/૧૦/૨૦૨૪ના રોજ ૯૨ વર્ષની ઉંમરે શ્રીજીમહારાજનું સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેઓ કુંડળધામમાં દરબારગઢમાં સમર્પિત થઈને સેવા કરતા લાખાભાઈ કેવડિયાના પિતાશ્રી હતા. તેઓ આખો દિવસ ભગવાનની માળા ફેરવતા હતા. તેમના બંને દીકરાનો આખો પરિવાર ખૂબ સારો સત્સંગી છે. આવા નાગજીદાદાના આત્માને મહારાજ ધામમાં પોતાની સેવામાં રાખે એ જ પ્રાર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીકાળુભાઈ કાનજીભાઈ કળથિયા-માંડવા



મૂળગામ માંડવામાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીકાળુભાઈ કાનજીભાઈ કળથિયા તા.૦૧/૧૦/૨૦૨૪ના રોજ ૭૮ વર્ષની ઉંમરે શ્રીજીસ્મરણ કરતાં કરતાં અક્ષરવાસી થયા છે. સુરતમાં રહેતા પ.ભ.પ્રવીણભાઈ માંડવાના તેઓ પિતાશ્રી હતા. કાળુદાદાનો આખો પરિવાર સત્સંગી છે. તા.૦૧/૧૦/૨૦૨૪ના રોજ તેમણે પરિવારજનોને કહ્યું કે, "આજે મને વહેલા નવરાવી દો." પછી તેમને સ્નાન કરાવીને ખાટલામાં સુવાડ્યા અને થોડીવારમાં જ દાદા ધામમાં જતા રહ્યા. આવા કાળુદાદાના આત્માને મહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીડાહ્યાભાઈ ભીખાભાઈ દલવાડી-આણંદ



મૂળગામ આણંદમાં નિવાસ કરીને રહેતા પ.ભ.શ્રીડાહ્યાભાઈ ભીખાભાઈ દલવાડી તા.૨૪/૧૨/૨૦૨૪ના રોજ ૭૫ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતા થકા અક્ષરવાસી થયા છે. તેઓ આણંદમાં રહેતા આપણા યુવા-આત્મીયસભ્ય નિરવભાઈ દલવાડીના પિતાશ્રી હતા. તેઓ પોતે સત્સંગ-ભજન પરાયણ રહેતા, સદ્‌ગ્રંથના પાઠ કરતા. તેમનો આખો પરિવાર સત્સંગી છે અને કુંડળધામથી થતી સવારની કથા તેમજ રવિસભાનો લાભ લે છે. શ્રીજીમહારાજ ડાહ્યાભાઈના આત્માને ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપી એ જ પ્રાર્થના.

## ● અક્ષરવાસ : અ.નિ.પ.ભ.શ્રીપોપટભાઈ રામજીભાઈ રામાણી-ચણાકા



મૂળગામ ચણાકા, તા.ભેસાણમાં રહેતા પ.ભ.શ્રીપોપટભાઈ રામજીભાઈ રામાણી તા.૦૧/૧૦/૨૦૨૪ના રોજ ૭૨ વર્ષની ઉંમરે પ્રભુ સ્મરણ કરતાં થકા અક્ષરવાસી થયા છે. કારેલીબાગ શ્રીસ્વામિનારાયણ મંદિર-વડોદરામાં સમર્પિત થઈને સેવા કરતા પ.ભ.ગોરધનભાઈ સાવલિયા-બગસરાના તેઓ બનેવી હતા. આ પોપટદાદા સવારની કથા અને રવિસભા રેગ્યુલર સાંભળતા. વળી, મંત્રજાપ, મંત્રલેખન કરતા. સવારે મંગળા આરતી મંદિરે જઈ કરતા અને તેમને વચનામૃત, ભક્તચિંતામણિ ગ્રંથ રોજ વાંચવાનો નિયમ હતો. આપણા મંડળના પૂ.સંતો ગામડા વિચરણ દરમ્યાન ઠાકોરજીને લઈ તેમની ખબરઅંતર પૂછવા-દર્શન દેવા તેમના ગામ ચણાકા પધાર્યા હતા, ત્યારે ઠાકોરજીની પ્રસાદીનું કેસરજળ તેમને પાયું હતું. તેથી તેમને કેન્સરની પીડા બંધ થઈ ગઈ હતી. આવા પોપટદાદાના આત્માને શ્રીજીમહારાજ ધામમાં પોતાની મૂર્તિનું મહાસુખ આપે તથા તેમના પરિવારજનોને તેમના જેવા સદ્‌ગુણો શીખવાનું બળ આપે એ જ પ્રાર્થના.

# સત્સંગ સમાચાર

## ● સંત શિબિર-૨૭, આત્મીય સભા-૧૨૧ એવં વ્યાવહારિક અને સમર્પિત ભક્ત શિબિર : કુંડળધામ


સંત શિબિર-૨૭


આત્મીય સભા-૧૨૧


વ્યાહારિક શિબિર


સમર્પિત ભક્ત શિબિર

શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા અને કુંડળધામમાં રહેતા ત્યાગી સંતો-ભક્તોનું આધ્યાત્મિક પોષણ કરવા દર વર્ષની જેમ પૂ.ગુરુજીની પ્રેરણાથી તા.૧૭/૧૧/૨૪ થી ૧૪/૧૨/૨૪ દરમ્યાન કુંડળધામમાં સંત શિબિર-૨૭નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.ગુરુજીએ ભગવદ્ માહાત્મ્યજ્ઞાનના દોહાના માધ્યમે અને પૂ.દયાળુ સ્વામીએ વચનામૃત ગ્રંથના આધારે સંત જીવનના ઘડતર એવં આધ્યાત્મિક પોષણ કરનારી ચિંતનીય વાતો કરી હતી. આ ઉપરાંત તમામ ત્યાગી સંતો-ભક્તો પોતાને થયેલ પ્રાપ્તિને સંભારતાં ભાવવિભોર થઈ ગયા હતા અને જીવનની ધન્યતા અનુભવી હતી.

ત્યારબાદ તા.૧૫/૧૨/૨૪ના રોજ સં.૨૦૮૧ના વર્ષની પહેલી આત્મીય સભા-૧૨૧નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.ગુરુજીએ દાસ કોને કહેવાય ? જીવ માયાથી રહિત થયો ક્યારે કહેવાય ? જીવ ભગવાનને ક્યારે પામે ? ભગવાનને પામવાની મુખ્ય બે બાબતો : આજ્ઞા ને ઉપાસના માટે અન્ય બીજી કઈ કઈ બાબતોમાંથી મુમુક્ષુએ પસાર થવું પડે ? જેવી ચિંતનીય અને મનનીય વાતો કરી પ્રભુ પામવાના માર્ગને સરળ બનાવવાનો અનોખો દાખડો કર્યો હતો. ઉપરાંત વિ.સં.૨૦૮૧ની પ્રથમ રવિસભાના માધ્યમે પ.પૂ. સદ્. શ્રીમુક્તાનંદ સ્વામીકૃત ધીર ધૂરંધરા શૂર સાચા ખરા... પદ વિવેચનનો પણ સુંદર લાભ આપ્યો હતો.

વળી, તા.૧૬/૧૨/૨૪ના રોજ વ્યાવહારિક શિબિર-૧૫નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત દરેક ઝોનના મુખ્ય કાર્યકર ભક્તોને પૂ. સંતોએ સુંદર માર્ગદર્શન આપી પ્રભુ પામવાના માર્ગને સરળ બનાવી આગળ વધવા રાહબર બનાવ્યા હતા. અને પૂ.ગુરુજીએ પ્રભુનો સાક્ષાત્કાર કરવા માટે સાત પ્રકારની નિષ્ઠા - આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા, ધર્મનિષ્ઠા, ભક્તિનિષ્ઠા, સંતનિષ્ઠા, ગુરુનિષ્ઠા અને હરિનિષ્ઠા પક્વ કરવાનું માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમજ તા.૧૭/૧૨/૨૪ના રોજ સમર્પિત-ભક્ત શિબિર-૧૬નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ.ગુરુજીએ નિખાલસ અને નિષ્કપટ મુમુક્ષુ ઉપર પ્રભુનો અને મોટા સત્પુરુષનો કેવો રાજીપો હોય તેમજ પોતાના ગુરુને ક્યારેય છેતરવા નહિ, તે અંગે ઘણી વાતો કરી હતી.

આમ, આ ત્રણેય દિવસ પૂ.ગુરુજીએ સૌ ભક્તોને રમાડી, જમાડી, આનંદ આપતાં આપતાં આધ્યાત્મિક માર્ગનું પોષણ કરી સૌને હળવાફૂલ બનાવી આશીર્વાદ આપી ધન્ય બનાવ્યા હતા.

## ● સત્સંગ સભા-શ્રીસ્વામિનારાયણ મંદિર, સત્સંગબાગ-બોટાદ






તા.૧૧/૧૨/૨૪ ને બુધવારના રોજ ૧૬૦ જેટલા બોટાદવાસી હરિભક્તો બોટાદથી કુંડળધામ પદયાત્રા કરીને સત્સંગ-કથાવાર્તાનો લાભ આપવા માટે પુ.ગુરુજીને આમંત્રણ આપવા આવ્યા હતા. તેમની લાગણી-માંગણી, અવિરત સેવા, ભક્તિભાવ અને પ્રેમભાવની ફળશ્રુતિરૂપ રાજીપાને કારણે પૂ.ગુરુજીની પ્રેરણાથી તા.૧૭/૧૨/૨૪ ને મંગળવારના રોજ શ્રીસ્વામિનારાયણ મંદિર, સત્સંગ બાગ-બોટાદમાં વિરાટ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પૂ.ગુરુજી સમગ્ર સંતમંડળને સાથે લઈને હરિભક્તોને સત્સંગ સભાનો લાભ આપવા માટે પધાર્યા હતા. પૂ.ગુરુજીએ સદ્.શ્રીનિષ્કુળાનંદ સ્વામી વિરચિત 'જોઈ શોભા સુંદરવર શ્યામ, લાલચ લાગી છે...' પદના વિવેચન દ્વારા ભક્તને ભગવાન સાથે એકતા ક્યારે થાય ? સદ્‌ગુરુની મોજ મેળવવા શું કરાય ? જેવી સુંદર વાતો કરી પ્રભુમાં જોડાવા માટેનું માધ્યમ પૂરું પાડ્યું હતું.

## ● ૨૦૫મી શ્રીવચનામૃત જયંતી ઉત્સવ-કુંડળધામ






પરાત્પર પૂર્ણપુરુષોત્તમનારાયણે પોતાની જ શ્રીમુખ વાણી દ્વારા એમને પામવા માટેના તમામ રસ્તાઓ પૂરા પાડ્યા અને પુરુષોત્તમનારાયણની એ પરાવાણી લખીને મોટેરા સંતોએ જેને ગ્રંથનું સ્વરૂપ આપ્યું તે ગ્રંથ એટલે વચનામૃત. પૂ.ગુરુજીની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા એવં કુંડળધામ દ્વારા એ વચનામૃતરૂપ સાક્ષાત્ પ્રગટ પરમાત્માની ૨૦૫મી જન્મજયંતીની તા.૦૫/૧૨/૨૪ના રોજ ભાવસભર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સૌ પ્રથમ તમામ સંતો-ભક્તોએ વચનામૃતનો પાઠ કર્યો હતો. ત્યારબાદ પૂ.ગુરુજી સાથે સૌએ જનમંગલનામાવલીના મંત્રોચ્ચાર દ્વારા વચનામૃતરૂપ પ્રગટ પરમાત્માનું પુષ્પપાંખડી, તુલસીપત્ર અને અક્ષત દ્વારા પૂજન કરી સમૂહ આરતીનો અનેરો લાભ લીધો હતો.

આ પ્રસંગે પૂ.ગુરુજીએ ગ્રંથરાજ વચનામૃતના મહિમાની વાતો કરી આશીર્વાદ પાઠવ્યા હતા. વળી, પ.પૂ.ગુરુજીના આશીર્વચન સાથે દેશ-વિદેશમાં વસતા હજારો હરિભક્તો વર્ચ્યુઅલી જોડાયા હતા અને દિવ્ય લાભ લઈ ધન્ય ધન્ય થયા હતા.

## ● પંચાબ્દિ મહોત્સવ-શ્રીસ્વામિનારાયણ મંદિર, હરિનગર-વડોદરા






શ્રીસ્વામિનારાયણ મંદિર, હરિનગર-વડોદરામાં વિરાજિત સંકલ્પસિદ્ધ શ્રીઘનશ્યામ મહારાજ, શ્રીહરિકૃષ્ણ મહારાજ, શ્રીરાધાકૃષ્ણ દેવ આદિક દેવો બિરાજમાન થયા, તેને પાંચ વર્ષ પૂર્ણ થતાં તા.૦૩/૧૨/૨૪ થી ૦૯/૧૨/૨૪ સુધી 'પંચાબ્દિ મહોત્સવ'નું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ 'પંચમ વાર્ષિક પાટોત્સવ' અંતર્ગત 'શ્રીમત્ સત્સંગિજીવન' કથાપારાયણનું પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેના વક્તાપદે પ.પૂ.શા. શ્રીપ્રિયદર્શનદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી પોતાની સરળ શૈલીમાં સંગીતની સુરાવલી સાથે ભગવાનનાં દિવ્ય ચરિત્રોનું રસપાન કરાવ્યું હતું.

આ મહોત્સવના પાવન પ્રસંગે તા.૦૯/૧૨/૨૪ ને સોમવારના રોજ કુંડળધામથી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીએ પધારી કથામૃતનો લાભ આપ્યો હતો. જેમાં 'જોઈ શોભા સુંદરવર શ્યામ, લાલચ લાગી રે...' એ કીર્તન વિવેચનના માધ્યમે શ્રીહરિના મહિમાની, ભગવાનની મૂર્તિમાં પ્રેમ કરવાની, ભગવાનમાં જોડાવાની અને મનુષ્યજન્મ સફળ કરી લેવા વિશેની પ્રેરણાદાયી વાતો કરી સૌને ભગવાનમાં જોડ્યા હતા. તેમજ ઉપસ્થિત સૌ સંતો-ભક્તો, યજમાનશ્રીઓને આશીર્વચન અને દર્શનનો લાભ આપી સૌને ધન્ય કર્યા હતા.

આ મહોત્સવમાં અભિષેક દર્શન, અન્નકૂટ દર્શન, ભવ્ય પોથીયાત્રા, પંચકુંડી મહાવિષ્ણુયાગ દર્શન, જળયાત્રા, રાજોપચારવિધિ, રાસોત્સવ, યુવામંચ, બાલમંચ, મહિલામંચ, શાકોત્સવ જેવાં વિવિધ આયોજનો કરવામાં આવ્યાં હતાં.

આ સમગ્ર મહોત્સવના યજમાનપદની સેવાનો લાભ પ.ભ.શ્રીઅલ્પેશભાઈ વિનુભાઈ પટેલ(યુ.એસ.એ.) એ લીધો હતો.

## ● મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ-શ્રીસ્વામિનારાયણ મંદિર, રોજકા





ભગવાન શ્રીસ્વામિનારાયણ તથા પરમહંસની ચરણરજથી પ્લાવિત એવી ધરા ગામ રોજકામાં પ.પૂ.શ્રીધર્મપ્રિયદાસજી સ્વામી(બાપુ સ્વામી)ના અથાગ પ્રયત્નોથી શ્રીઘનશ્યામ મહારાજના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ મહોત્સવ અંતર્ગત તા.૦૫/૧૨/૨૪ થી ૦૭/૧૨/૨૪ દરમિયાન ત્રિદિનાત્મક શ્રીભક્તચિંતામણિ પરચા પ્રકરણની કથાપારાયણની પણ ગોઠવણ કરવામાં આવી હતી. જેના વક્તાપદે વ્યાસાસને બિરાજી પ.પૂ.શા. શ્રીહરિચરણદાસજી સ્વામી-(ધોલેરાધામ)એ ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને કથામૃતનો અનેરો લાભ આપ્યો હતો.

આ પ્રસંગે તા.૦૭/૧૨/૨૪ ને શનિવારના રોજ

પ.પૂ.ગુરુજી પધાર્યા હતા. મંદિરમાં બિરાજમાન શ્રીઘનશ્યામ મહારાજની આરતી ઉતારી સૌ સંતો-ભક્તો, યજમાનોને દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. આ મહોત્સવ દરમિયાન યજ્ઞ, નગરયાત્રા, શ્રીમારુતિ યાગ અને શ્રીકષ્ટભંજન દેવના પાટોત્સવ અંતર્ગત અભિષેક વગેરેના દર્શનનો અનેક ભક્તોએ લાભ લીધો હતો.

## • સુવર્ણ શિલાન્યાસ મહોત્સવ એવં ત્રિદિનાત્મક કથા પારાયણ-ફરેણીધામ






શ્રીસ્વામિનારાયણ મહામંત્રના ૨૨૩મા પ્રાગટ્યોત્સવ અંતર્ગત ભદ્રા નદીના આરે ઇષ્ટદેવ શ્રીસ્વામિનારાયણ ભગવાન અને ઉદ્ધવાવતાર સદ્. શ્રીરામાનંદ સ્વામી તથા પરમહંસોની પાવન ચરણરજથી પ્લાવિત એવા ફરેણીધામના આંગણે તા.૨૫/૧૨/૨૪ થી ૨૭/૧૨/૨૪ દરમ્યાન શ્રીસ્વામિનારાયણ હનુમાનજી નૂતન મંદિરના સુવર્ણ શિલાન્યાસ મહોત્સવ એવં ત્રિદિનાત્મક કથા પારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવના પ્રેરક અને કથાપારાયણના વક્તા એવા પ.પૂ.સદ્.શ્રીબાલકૃષ્ણદાસજી સ્વામીએ વ્યાસાસને બિરાજી ઉપસ્થિત સૌ સંતો-ભક્તોને શ્રીહરિના ચરિત્રો દ્વારા કથાનું રસપાન કરાવ્યું હતું.

આ પાવન પ્રસંગે પ.પૂ.ગુરુજીની આજ્ઞાથી પૂ. દયાળુસ્વામીએ તા.૨૬/૧૨/૨૪ના રોજ પધારી શુભેચ્છા પાઠવી હતી. આ મહોત્સવ દરમિયાન ધામોધામથી અનેક મહાનુભાવ સંતોએ પધારી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. આ મહોત્સવ અંતર્ગત ફરેણીધામમાં સદ્.શ્રીરામાનંદ સ્વામી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ શ્રીહનુમાનજી મહારાજ તથા સદ્.શ્રીગુણાતીતાનંદ સ્વામીના સમર્થ સંત પ.પૂ.શ્રીબાલમુકુંદદાસજી સ્વામી હાથના પ્રતિષ્ઠિત થયેલ શ્રીહનુમાનજી મહારાજ; આ બંને પ્રતાપી મૂર્તિઓનાં ઐશ્વર્ય અને પરચાઓને વર્ણવતું, પોતાના હૃદયકમળના ભાવને વહાવતું પૂ.ગુરુજીએ તૈયાર કરેલ પદ ‘મહોત્સવ આવ્યો રૂડો ફરેણીધામમાં, ઝૂમે આનંદે આજ ભક્તો તમામ...’ ને પ.પૂ.સદ્. શ્રીબાલકૃષ્ણદાસજી સ્વામી અને પૂ.દયાળુ સ્વામી દ્વારા વિમોચિત કરવામાં આવ્યું હતું.

વળી, આ પ્રસંગે તા.૨૬/૧૨/૨૪ના રોજ પ.પૂ.ધ.ધૂ.૧૦૦૮ આચાર્ય શ્રીરાકેશપ્રસાદજી મહારાજે પણ પધારી તૈયાર થનાર નૂતન મંદિરની બારસાખ અને ઉંબરાનું પૂજન કર્યું હતું. ત્યારબાદ ઉપસ્થિત સૌ સદ્ગુરુ સંતોની હાજરીમાં સુવર્ણ શિલાન્યાસ વિધિ સંપન્ન કર્યો હતો. સંતનિવાસમાં બિરાજિત વહાલા શ્રીઘનશ્યામ મહારાજનો અભિષેક અને અન્નકૂટ આરતી ઉતારી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો.

## • मूर्ति प्रतिष्ठा महोत्सव-श्री स्वामिनारायण मंदिर, जलगांव (महाराष्ट्र)






भगवान श्री स्वामिनारायण ने अपने वर्णिराज के रूप में पधारकर जिस धरा को पावन की हैं, ऐसी ऐतिहासिक एवं प्रासादिक नगरी जलगांव में दिनांक १०/१२/२४ से १७/१२/२४ दौरान दिव्य, भव्य मूर्ति प्रतिष्ठा महोत्सव का आयोजन किया गया था ।

इष्टदेव भगवान श्री स्वामिनारायण तथा प. पू.ध.धु. १००८ आचार्य श्री राकेशप्रसादजी महाराज एवं प.पू.सद्‌गुरु तपोमूर्ति श्री गोविंदप्रसाददासजी स्वामी के आशीर्वाद और प.पू.को.शा. श्री पुरुषोत्तमप्रकाशदासजी स्वामी के पुरुषार्थ से महाराष्ट्र के जलगांव शहर का सर्वप्रथम शिल्प कलात्मक बंसी पहाड़पुर पत्थर से निर्मित श्री स्वामिनारायण मंदिर संपन्न हुआ ।

यह मंदिर में प.पू.आचार्य महाराजश्री के करकमलों से श्रीलक्ष्मीनारायण देव की प्रतिष्ठा संपन्न हुई । यह महोत्सव के पावन अवसर पर दिनांक १३/१२/२४ के दिन कुंडलधाम से प.पू.सद्‌गुरु श्रीज्ञानजीवनदासजी स्वामी पधारे थे । पू.गुरुजी ने अपनी अनोखी शैली और संगीत के सुरावलियों के साथ सद्‌गुरु श्रीमुक्तानंदस्वामी कृत ‘हरि बिन कोई न तेरा समझ नर, हरि बिन कोई न तेरा रे ...’ यह पद विवेचन के माध्यम से उपस्थित सभी संत और भक्तगण को प्रभु प्रेम में जोड़कर मनुष्यजन्म को सफल बनाने का राह बताया था और दर्शन-आशीर्वचन का लाभ भी दिया था । महोत्सव के इस अवसर पर धाम धाम से उपस्थित ब्रह्मनिष्ठ संतों के मुख से व्याख्यानमाला, दर्शन एवं आशीर्वचन का भी लाभ प्राप्त हुआ था ।

यह महोत्सव दौरान श्रीमद् भागवत कथापारायण, श्रीमहाविष्णुयाग, घरसभा, चतुर्वेदीपारायण, लाइट और साउंड शो, समूह सुंदरकांड, अखंडधून, बालमंच, महिलामंच, हॉस्पिटल उद्‌घाटन, भव्य सांस्कृतिक प्रदर्शन और विधविध कार्यक्रम का आयोजन हुआ था ।

## ● સ્મૃતિ છત્રી ઉદ્‌ઘાટન એવં શાકોત્સવ-સમઢિયાળા નં-૨(શેટાનું)





સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાને ગઢપુરમાં રહીને અનંત મુમુક્ષુ જીવોનાં કલ્યાણ માટે અનેક સ્થળોએ વિચરણ કર્યું છે. શ્રીજીમહારાજ જ્યારે જ્યારે ગઢડાથી વડતાલ જતા કે આવતા ત્યારે વચ્ચે આવતાં ગામડાંઓના પ્રેમી હરિભક્તોના ભાવ પૂરા કરવા જે તે ગામના તળાવને આરે ઉતારો કરતા. આવો લાભ ઘણી વાર સમઢિયાળા ગામને પણ મળેલો છે...!! તે પૈકી એકવાર વહાલા મહારાજે આ ગામમાં પધારીને તળાવને આરે ઉતારો કરી સ્નાનાદિ કરી, જે સ્થળે થાળ જમી સંતો-ભક્તોને પોતાના હાથે લાડુ જમાડેલા, તે પ્રસાદીભૂત સ્થાને પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજી સ્વામીની પ્રેરણાથી શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ દ્વારા આરસપહાણની નયનરમ્ય સ્મૃતિ છત્રીનું નિર્માણ કરવામાં આવ્યું છે. કુંડળધામથી ગામડા વિચરણમાં પૂ.કૃપાળુ સ્વામી, પૂ.નિર્મળ સ્વામી વગેરે સંતો સમઢિયાળા પધાર્યા, ત્યારે વિ.સં.૨૦૮૧ માગશર વદ-૧૩, તા.૨૮/૧૨/૨૪ ને શનિવારના રોજ પૂ.ગુરુજીએ કુંડળધામથી પધારી સ્મૃતિ છત્રીમાં પધરાવેલ શ્રીજીમહારાજના ચરણારવિંદનું પૂજન-આરતી કરી ઉદ્‌ઘાટન કર્યું હતું. ત્યારબાદ પૂ.ગુરુજીએ સભામાં વહાલા મહારાજના ચરિત્રોનું રસપાન કરાવી દર્શન-આશીર્વચનનો લાભ આપ્યો હતો. પૂ.ગુરુજી અને પધારેલ સૌ સંતોએ પ.ભ.રાજુભાઈ શેટાના ઘરે ઠાકોરજી જમાડ્યા હતા અને ઉપસ્થિત સૌ ભક્તો શાકોત્સવનો લાભ લઈ સ્મૃતિ છત્રી ઉદ્‌ઘાટન પ્રસંગના સાક્ષી બન્યાનો આનંદ લેતા છૂટા પડ્યા હતા.


ધામભાવે
અખંડ સ્મરણ
વર્ષ
Happy Makar
Sankranti